સુવિચાર
સફળ માણસો જીવનના દરેક ક્ષેત્રે વિશિષ્ટ જ્ઞાન મેળવવાનું કદી અટકાવી દેતા નથી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૧/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ પોષ સુદ-૮ વર્ષ : ૧૫ અંક : ૦૩૨

## ગામ નજીકથી શેત્રુંજી નદી પસાર થતી હોય અને ૨૦૦ જેટલા સિંહોનો વસવાટ હોવાથી

# ભૈ વાહ : સાવરકુંડલાનાં ઠવી ગામમાં વનવિભાગ દ્વારા વિકાસની ગંગા વહાવાશે

**રાજ્યનું પ્રથમ એક એવું ગામ કે જ્યાં ગ્રામિણ વિકાસનાં સાચા દર્શન થતાં જોવા મળશે**

**સરકારી પડતર અને ખરાબાની જમીન ઘાસચારા માટે ઉપયોગી બની શકે તે માટેનો ભગીરથ પ્રયાસ શરૂ**

**આજુબાજુનાં ૩૦ ગામોનાં સરપંચોની ઉપસ્થિતિમાં વન વિભાગે વિકાસ યાત્રા શરૂ કરી**

**સ્થાનિક ધારાસભ્ય મહેશ કસવાલાનાં વરદ્હસ્તે તળાવનાં કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો**



અમરેલી, તા. ૧૭

અમરેલી અને ભાવનગર જિલ્લામા વહેતી શેત્રુંજી નદીના કાંઠે સાવજો ખુબ ફુલ્યાફાલ્યા છે અને હાલમા કાંઠા વિસ્તારમાં ૨૦૦ જેટલા સાવજોનો વસવાટ છે. ત્યારે સરકાર દ્વારા સમગ્ર વિસ્તારને શેત્રુંજી કન્ઝર્વેશન રિઝર્વ જાહેર કરવા અને લાયન કોરીડોર તરીકે વિકસાવવા આયોજન હાથ ધરાયુ છે. જેના ભાગરૂપે ગુજરાત રાજયનું પ્રથમ એવું ગામ ઠવી ગામે વનતંત્ર દ્વારા ગ્રામીણ વિકાસનો નવો અધ્યાય આરંભ કરવામાં આવ્યો ને ગામને પશુપાલનથી લઈને ખેતી ક્ષેત્રે નવી ઉંચાઈઓ પ્રાપ્ત થઈ શકે તેવું વનતંત્ર દ્વારા કાર્ય કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હોય તેવો ઉડીને આંખે વળગે તેવુ બેનમુન કાર્ય વનતંત્ર દ્વારા શરૂ કરાયેલ છે.


ઠવી ગામને ગુજરાતના નકશામાં એક નવી સિદ્ધિએ લઈ જવાનો શ્રેય રાજયના વનવિભાગને જાય છે. સામાન્ય રીતે ગ્રામીણ ગામડાઓના વિકાસ માટે સરકારી ગ્રાન્ટો, નાણાં પંચ કે ચૂંટાયેલા નેતાઓની ગ્રાન્ટોમાંથી વિકાસના કામો થઈ શકે પણ રાજય સરકાર દ્વારા અમરેલી અને ભાવનગર જિલ્લામાં કુલ૧૦૯ ચો.કિલોમીટર જમીનમાં આ કન્ઝવશન ગામોને સમાવી લેવામાં આવશે. ગીરમાંથી નીકળતી શેત્રુંજીના કાંઠે સાવજો છેક પાલિતાણા સુધી

(અનુસંધાન પાના ૬ ઉપર)

## રખડતા પશુઓની સમસ્યા દુર કરવામાં શાસકો સદંતર નિષ્ફળ

# આ દેખે જરા : અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં ટ્રાફિકનાં સમયે આખલાઓ વચ્ચે ઘમાસાણ થયું

**ખરીદી અર્થે નીકળેલ શહેરીજનોમાં ભયનો માહોલ ઉભો થયો**



અમરેલી, તા.૧૭

અમરેલીએ જિલ્લા કક્ષાનું શહેર છે. શહેરમાં બ્રોડગેજ રેલ્વે કેનેશનલ હાઈ–વે જેવી સુવિધાઓ તો ઉપલબ્ધ નથી. પરંતુ, શહેરની દોઢ લાખની જનતાને નિયમિત પીવાનું પાણી, સ્ટ્રીટલાઈટ, સ્વચ્છતા, ટ્રાફિકથી મુકિત જેવી સુવિધા પણ મળતી નથી. અને અધુરામાં પુરૂં રખડતા આખલાઓ અને શ્વાન પણ શહેરીજનોને ભયભીત કરી રહયા છે.

અમરેલીના ડો. જીવરાજ મહેતા ચોકમાં સાંજનાં સમયે શહેરીજનો ખરીદી કે અન્ય કોઈ સંદર્ભે મોટી સંખ્યામાં પસાર થતાં હોય છે.

(અનુસંધાન પાના ૬ ઉપર)

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
54,950/-
અમરેલી
વધુ માહિતી માટે
૬૩૫૨૪ ૩૧૩૬૬

NATIONAL INSTITUTE OF OPEN SCHOOLING
(N.I.O.S)
ધો. ૧૦/ધો. ૧૨
સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ
એડમીશન માટે સંપર્ક : 94272 49256
શ્રી તુન્ની વિદ્યામંદિર
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.-૩૬૫૬૦૧

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)
રિસેપ્સનિસ્ટ - ૧
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : ૭,૦૦૦/- થી ૮,૦૦૦/-
મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

IFB
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
IFB ઈલેક્ટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૨૭૪ ૫૯૫૪૭

Sheetal
BUY 1 GET 1 OFFER
FREE
TRADITIONAL KULFI
ON ORDER OF ANY PIZZA
Sheetal Garden Parlour Atal Park, Collage Circle, Amreli. 10:00am to 11:00pm

## સ્કૂલ સંચાલકોને માત્ર બાળકોની ફીમાં રસ, સુરક્ષાને લઈને ઉદાસીનતા

# અમરેલીમાં ''સ્કૂલ વાન''માં ઘેટા-બકરાની જેમ ફેરવાતા બાળકોને બચાવો

**સ્કૂલવાનમાં નિયમ વિરૂધ્ધ બાળકોને બેસાડવામાં આવતાં હોય અકસ્માતની સંભાવના**

**સ્કૂલવાન માટે જરૂરી કલરનું વાહન પણ કયાંય નજરે જોવા મળતું ન હોય આશ્ચર્ય**

**આરટીઓ અને પોલીસ વિભાગે સ્કૂલવાનની નિયમતાની ચકાસણી કરવી જરૂરી**

**આગ લાગેને કૂવો ખોદવો તેના કરતાં કોઈ અકસ્માત થાય તે પહેલા કાર્યવાહી જરૂરી**

અમરેલી, તા. ૧૭

અમરેલી શહેરમાં વાલીઓ પાસેથી તગડી શિક્ષણ ફી મેળવતી અનેક શાળાનાં સંચાલકોની બાળકોની સ્કૂલવાનમાં થતી હેરફેરને લઈને ઉદાસીનતા જોવા મળી રહી છે. શહેરમાં અનેક સ્કૂલવાનમાં કેપેસીટી કરતાં વધારે ઘેટા-બકરાની જેમ બાળકોને ફેરવવામાં આવે છે તો ''સ્કૂલવાન''ને અલગ કલરનાં નિયમોનો ઉલાળીયો તેમજ સ્કૂલવાનની ગતિની મર્યાદાનું પણ ઉલ્લંઘન થતું જોવા મળી રહ્યું છે.

એક તરફ અનેક ખાનગી સ્કૂલ બાળકોનાં વાલીઓ પાસેથી અવનવી સ્કીમનાં નામે તગડી ફી વસુલી રહ્યા છે પરંતુ બાળકો ઘરેથી કયાં વાહનમાં આવે છે, કેવી રીતે આવે છે, વાહનમાં કેટલા બાળકો બેસે છે, વાહનની ગતિ કેવી છે, વાહનનાં ચાલક પાસે ડ્રાઈવિંગ લાયસન્સ છે કે કેમ તે જોવાની તસ્દી લેતા નથી.

બીજી તરફ શહેરની અનેક સ્કૂલ વાનનાં લવરમુછીયા ડ્રાઈવર સવારનાં પહોરમાં સીન સપાટા સાથે ફુલ સ્પીડ અને હોર્ન વગાડતા રહેણાંક વિસ્તારમાં આતંક ફેલાવતાં હોય તે રીતે પસાર થતાં પણ જોવા મળી રહ્યા છે. સ્કૂલ સંચાલકોને બાળકોની અમૂલ્ય જીંદગીની ચિંતા ન હોય ત્યારે પોલીસ અને આરટીઓ વિભાગે શહેરની તમામ સ્કૂલનાં વાહનો નિયમ મુજબ ચાલે છે કે કેમ તેની ચકાસણી કરવી જોઈએ.

**જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભરત સુતરીયાનાં અધ્યક્ષસ્થાને**

## અમરેલી જિલ્લા પંચાયતનું રૂપિયા ૯૯૭.પર કરોડનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યુ

**તમામ સદસ્યો દ્વારા અંદાજપત્રને આવકારવામાં આવ્યું**

અમરેલી, તા. ૧૭

આજરોજ તા. ૧૭/૧/૨૦૨૪નાં રોજ અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભરતભાઈ સુતરીયાનાં અધ્યક્ષ સ્થાને સામાન્યસભા મળેલ હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયતનાં સચિવ-વ-જિલ્લા વિકાસ અધિકારી, ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, ચૂંટાયેલ સભ્યો અને શાખા અધિકારીઓ હાજર રહેલ હતાં. આ બેઠકમાં મુખ્ય મુદ્દો અંદાજપત્ર સને ૨૦૨૪-૨૫ મંજુર કરવાની બાબત હતી. જે બજેટ રજુ કરતા હર્ષ અનુભવી આજરોજની બેઠકમાં જિલ્લા પંચાયત અમરેલીનાં સુશાસન અને અંદાજપત્રમાં સ્વભંડોળ બાજુ પ૩ર.ર૪ લાખની આવક સામે ૪૩૦.પર લાખ ખર્ચ કરવાનું આયોજન કરેલ. જયારે તબદિલ પ્રવૃતિ સરકારી યોજનામાં ૯૯૭.પર કરોડનું અંદાજપત્ર રજૂ કરવામાં આવેલ હતું. જે સામાન્યસભા દ્વારા સર્વ સહમતિથી મંજુર કરવામાં આવ્યું. જે બદલ જિલ્લા પંચાયત





અમરેલીનાં પ્રમુખ ભરતભાઈ સુતરીયાએ સૌનો આભાર માન્યો અને જિલ્લા પંચાયત અમરેલીનાં ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર તથા તમામ ચેરમેન અને તમામ સદસ્યઓએ આ અંદાજપત્રને હર્ષભેર આવકાર્યુ હતું.

## અમરેલીનાં બહારપરામાં જુગાર રમતા પાંચ પતાપ્રેમી ઝડપાયા

અમરેલી, તા.૧૭

અમરેલીમાં રહેતા રવિભાઈ વિક્રમભાઈ ટિમાણીયા, શૈલેષભાઈ પ્રતાપભાઈ રાણવા (રહે. વરૂડી), સંજયભાઈ પ્રવિણભાઈ સીતાપરા, હસમુખભાઈ અમૃતભાઈ મકવાણા, મયુરભાઈ અમૃતભાઈ મકવાણા, રહે.અમરેલી ) વાળા પાંચેય ઈસમો અમરેલી બહારપરા વણકરવાસમાં જાહેરમાં પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ મળી કુલ રૂપિયા રૂા.૧૦,૩પ૦નાં મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જતા પોલીસે ધોરણસર હાથ ધરી છે.

## ઉના : એસ.ટી.ડેપોનું ડિજિટલ માધ્યમ માત્રને માત્ર કાગળ પર

ઉના, તા.૧૭

સરકારા જનતાને વધુ સગવડ મળે તે માટે કમર કસી રહી છે. પ્રાઈવેટ વાહન સામે નવા નવા વાહનો ।પણ અલગ અલગ ડિવિજનને ફાળ વવામાં આવ્યો છે.ત્યારે ।વાત કરવાની છે. આ ડિજિટલ માધ્યમની.

ગુજરાત એસ.ટી.નિગમ દ્વારા રિઝર્વેશન ઓનલાઈન થઈ શકે તે માટે ઓનલાઈન એપ્લિકેશનમાં સુવિદ્યાઓ આપવામાં આવી છે. કઈ બસ ત્યાં પહોંચી ।છે તે ડિજિટલ માધ્યમથી જોવા માટેની સગવડતાઓ આપવામાં આવી છે. ત્યારે આ ડિજિટલ માધ્યમ ફકત અને ફકત કહેવા પુરતી જ હોવાનું જણાઈ આવે છે.

જયારે આ ડિજિટલ એપ્લિકેશનમાં લોકો બુકિંગ કરાવે છે અને જયારે ટિકિટ કેન્સલ કરાવે છે. એવા ।સમયે રિફંડ પૈસા ઓછામાં ઓછા એક માસ સુધી લોકોને મળતા નથી આ છે એસટીનું ડિજિટલ માધ્યમ બીજી વાત કરવા જઈએ તો ઉના ડેપોમાં ચાલતી અમુક બસોમાં જ જીપીએસ સિસ્ટમ કામ કરે છે અને આ બાબતે ઉના ડેપોનાં અધિકારીઓને ફોન ઉપર જણાવવામાં આવે છે. ત્યારે કરાવું છું. અને જોવડાવું છું આવા જવાબોને આપવામાં આવે છે. તો આ ડિજિટલ માધ્યમ ફકત શોભાનાં ગાઠીયા જેવું હોય તેવું જણાય આવે છે.જયારે જાણવા મળતી વિગત મુજબ ઉના ડેપોમાં અમુક વાહનોમાં અમુક ડ્રાઈવરોની મજા આવે ત્યારે જ જી.પી.એસ શરૂ હોય છે અને અમુક સમયે જ જી.પી.એસ.બંધ કરી દેવામાં આવે છે. આની પાછળનું રહસ્ય શું?.

ઉના ડેપોની ચાલતી સવારની દીવ અમદાવાદ તેમજ ઉના જાફરાબાદ રાજકોટ આ બંને ગાડીમાંા ઘણા સમયથી આ સિસ્ટમ બંધ છે તો જયારે નવી ગાડીઓ આપવામાં આવી છે. ત્યારે આ નવી ગાડીઓમાં આ સિસ્ટમમાં બંધ કેમ તેવો સવાલ ઉભો થયો છે.

**નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી**

## અમરેલી અને કુંકાવાવનાં ૩૭ ગામોનાં સ્મશાન ગૃહોમાં સુધારેલ સ્મશાનની ભઠ્ઠી મંજુર

**આગામી એક મહિનામાં સ્મશાન ભઠ્ઠી લગાવાશે**

અમરેલી, તા.૧૭

રાજયનાં સ્મશાનગૃહોમાં સુધારેલા સ્મશાનભઠ્ઠી બેસાડવાની ગુજરાત સરકારનાં કલાયમેટ ચેન્જ વિભાગ હસ્તકની ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીની યોજના હાલમાં કાર્યરત છે. જેડા દ્વારા આ યોજના અંતર્ગત ગામડાઓનાં સ્મશાનગૃહોમાં સુધારેલી ભઠ્ઠી બેસાડવાની કામગીરી કરવામાં આવે છે. જેમાં ગ્રામ પંચાયત દ્વારા લાભાર્થી ફાળા તરીકે રૂપિયા હજાર ભરવાના હોય છે. જે બાદ અંદાજિત પચાસ હજાર કરતા વધું રૂપિયાની સ્મશાનભઠ્ઠી બેસાડવામાં આવે છે.

અમરેલીનાં જાગૃત અને યુવાન ધારાસભ્ય તરીકે કૌશિકભાઈ વેકરિયાએ પ્રજા વિકાસનાં દરેક ક્ષેત્રનાં કામો હાથ પર લીધાં છે. ત્યારે તેમનાં પ્રયત્નોથી અમરેલી તાલુકાનાં માલવાણ, દેવળિયા, રાંઢિયા, શંભુપરા, તરકતળાવ, કાઠમા કમીગઢ કેરિયાચાડા, દહિંડા, મોટા માંડવડા મોણપુર, સરંભડા, ચકકરગઢ, શેડૂભાર જાળિયા ઈશ્વરિયા, માંગવાપાળ, પીઠવાજાળ, ચિતલ ખડ ખંભાળિયા જેવા ગામો અને કુંકાવાવ તાલુકાનાં બરવાળા બાવળ, કોલડા માયાપાદર, નવા બાદલપુર, હનુમાન ખીજડિયા, અરજણસુખ, મોટા ઉજળા, જુના બાદનપુર, દેવગામ, નાજાપુર મોરવાડા, લુણીધાર મોટી કુંકાવાવ સનાળી, ખજુરી પીપળિયા, નાની કુંકાવાવ બાંટવાદેવળી જેવા ગામોમાં આગામી એક માસની અંદર જ આ સ્મશાનભઠ્ઠીઓ ફીટ કરવાની કામગીરી પુર્ણ કરવામાં આવનાર છે. આ ગામોમાં હિન્દુ પ્રજાની આસ્થા સાથે જોડાયેલ અંતિમવિધિ કાર્ય માટે સ્મશાનભઠ્ઠીઓ ફીટ થયાં પછી અંતિમવિધિ માટે વપરાતા લાકડાનો વપરાશ ચાલીશથી પચાસ ટકા જેટલો ઘટી જતાં પર્યાવરણની જાળવણીમાં પણ મદદ મળશે.

## અમરેલીમાં સિનિયર સોસાયટી દ્વારા ગૌ-માતાને ચારાનું વિતરણ



અમરેલી, તા. ૧૭

અમરેલી સિનિયર સિટીઝન સોસાયટી દ્વારા કરૂણા અભિયાન શરૂ કરવામાં આવ્યું. આ મંડળ છેલ્લા આભાર વર્ષથી કાર્યરત છે. વડીલોના સહકારથી આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો જરૂરિયાત મંદ સહાય તથા પક્ષી ચણ, ગાયોને ચારો વગેરેમાં ઉપયોગ કરવાનું નક્કી થયું આજે અભિયાન અંતર્ગત રૂપિયા ૧૦૨૫ નું યોગદાન મળ્યું તેમાંથી મકરસંક્રાંતિના દિવસે પાંજરાપોળ સંસ્થા તથા ગાયને ચારો, પક્ષીને ચણ વગરે સેવા જયેશભાઈઉપાધ્યાયતથા હર્ષદભાઈ જોષી એસઆરઈરઈતએ બજાવતા પ્રમુખ રવજીભાઈ કાચા તથા કનુભાઈ જોષી સેક્રેટરી અને વડીલોએ તેમને ધન્યવાદ આપ્યા છે.




## કોંગ્રેસનાં સાંસદની ભારત જોડો બાદ ન્યાય યાત્રા પણ સફળ થવા તરફ

# રાહુલ ગાંધીની ન્યાય યાત્રાને મણીપુર બાદ નાગાલેન્ડમાં પ્રચંડ સમર્થન

**દેશનાં પૂર્વોત્તર રાજ્યમાં વર્ષો બાદ કોઈ રાષ્ટ્રીય નેતાને નિહાળવા વિશાળ જનમેદની એકત્ર થઈ**

**દેશનાં દક્ષિણ રાજ્યમાં અગાઉની ભારત જોડો યાત્રાને સફળતા મળ્યા બાદ ન્યાય યાત્રાને પૂર્વોત્તરમાં જબ્બર સમર્થન**

**મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ અને વૃધ્ધો સહિત સૌ કોઈ રાહુલ ગાંધીને મળવા આતુર**

**દેશવાસીઓની મોંઘવારી, બેરોજગારી, સામાજિક ન્યાય સુરક્ષા, શિક્ષણ, આરોગ્ય જેવી સમસ્યાને મળી રહી છે વાચા**






અમરેલી, તા. ૧૭

દેશમાં એક તરફ ભાજપ ધ્વારા અયોધ્યા ખાતે નિર્માણ થયેલ ભગવાન શ્રી રામનાં મંદિરનાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવની તડામાર તૈયારીઓ થઈ રહી છે તો બીજી તરફ મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ પક્ષ ધ્વારા દક્ષિણથી ઉત્તર સુધીની ભારત જોડો યાત્રા બાદ પૂર્વનાં મણીપુરથી લઈને પશ્ચિમમાં આવેલ મુંબઈ સુધીની ભારત જોડો ન્યાય યાત્રાનો પ્રારંભ થયો છે.

જે યાત્રાનાં પ્રથમ દિવસે મણીપુર ખાતે રાહુલ ગાંધીએ જાહેર સભાને સંબધોન કરીને યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. અને મણીપુરમાં છેલ્લા ૯ મહિનાથી શરૂ થયેલ હિંસાની આગ બંધ થતી નથી. મણીપુરમાં વસવાટ કરતાં બન્ને મુખ્ય સમાજની વચ્ચે હિંમતભેર જઈને આશ્વાસન આપેલ.

બાદમાં તેઓ નાગાલેન્ડ પહોંચ્યા હતા જયાં વિશાળ જનમેદની તેમને નિહાળવા એકત્ર થઈ હતી. જેમાં યુવાનો, બાળકો, મહિલાઓ અને વૃધ્ધ સહિત સૌ કોઈ રાહુલ ગાંધીને નિહાળવા મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને નાગાલેન્ડાનાં વૃધ્ધએ જણાવ્યું હતું કે, સ્વ. ઈન્દિરા ગાંધી બાદ વર્ષો બાદ રાહુલ ગાંધીને નિહાળવા વિશાળ જનમેદની જોવા મળી રહી છે.

રાહુલ ગાંધીની અગાઉની ભારત જોડો યાત્રાને દેશનાં દક્ષિણથી લઈને ઉત્તર સુધીનાં તમામ રાજયોમાં જે સફળતા મળી છે તેના જેવી જ સફળતા તેઓને પૂર્વાતરનાં રાજયોમાં મળતી જોવા મળી રહી છે.

દેશનાં અન્ય વિપક્ષી નેતાઓ સીબીઆઈ, ઈડીનાં ડરથી કશું બોલી શકતા નથી તેવા સમયે કોંગી નેતા રાહુલ ગાંધી હિંમતભેર વર્તમાન ભાજપ સરકારની નિષ્ફળતાને દેશવાસીઓ સમક્ષ રજૂ કરી રહ્યા છે. દેશમાં મોંઘવારી, બેરોજગારી, ગરીબી વધી રહી છે, શિક્ષણ, આરોગ્ય જેવી સુવિધા કરોડો દેશવાસીઓને યોગ્ય રીતે મળતી નથીનો આક્ષેપ તેઓ કરી રહ્યા છે. સામાજિક સમરસતા, બંધારણ, ખેડૂતો, અગ્નિવીર, મહિલા સુરક્ષા, ભાઈચારો, કોમી એકતા જેવા પ્રશ્ને ખુલ્લેઆમ તેઓ જનતા વચ્ચે સંવાદ કરતાં જોવા મળી રહ્યા છે.

### એક મહિનાથી થોડુ-થોડુ ઓઈલ ચોરી કરતા હતા

## ખાંભાનાં જામકા ગામનાં આરોપી ટ્રાન્સફોર્મરમાંથી ઓઈલ ચોરી કેસમાં ઝડપાયા

અમરેલી, તા. ૧૭

ખાંભા તાલુકા જામકા રહેતા આરોપીએ રવજીભાઈ આતુભાઈ મકવાણાએ ભીમભાઈ સામતભાઈ ભેંડા (રહે. બોરાળા વાળા) ના પીજીવીસીએલના ટ્રાન્સફોર્મર બદલવાના કોન્ટ્રાકમા મજુરી કામ કરતા હોય અને બળી ગયેલ ટ્રાન્સફોર્મરમાંથી ઓઈલ ચોરી કરી લઈ તેનુ છુટક વેચાણ લીટરના રૂા. ૫૦ ના ભાવે કરતા હોય, અલગ અલગ દિવસોમાં છેલ્લા એકાદ મહીનાથી થોડુ થોડુ ઓઈલ કાઢી તેની ચોરીને કરી ભેગુ કરેલુ ઓઈલ સાથે મળી આવતા કુલ ટ્રાન્સફોર્મર ઓઈલ આશરે લીટર ૨૫ જેની કિ.રૂા. ૧૨૫૦ની ચોરી કરી ગુન્હો કર્યાની પોલીસમાં અમિતકુમાર નાથાભાઈ રાબડીયા પીજીવીસીએલ વાળાએ નોંધાવી છે.

### કડકડતી ઠંડી વચ્ચે તસ્કરો બેકાબુ બન્યા

## ધારીનાં લાઈનપરામાં ધાર્મિક જગ્યામાંથી સોનાનાં છતરની ધોળે દિ'એ ચોરી

**સ્થાનિક પોલીસે તસ્કરોને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા**

અમરેલી, તા. ૧૭

ધારી નજીક આવેલ લાઈનપરા વિસ્તારમાં રહેતા ભીખુભાઈ હરીભાઈ રૂડાણી નામના ૫૫ વર્ષિય ખેડુત ગત તા.૧૫/૧ સવારમાં પોણા આઠેક વાગ્યે લાઈનપરામાં આવેલ પરિવારના મઢે ધુપદિવા કરવા ગયેલ હતા. અને ધુપદિવા કરી આઠેક વાગ્યે બંધ કરી તાળુ મારી મારા ઘરે આવતા રહેલ. ત્યારબાદ મારી વાડીએ જતા રહેલ અને બપોરના આશરે બારેક વાગ્યે ખેડૂત વાડીએથી ઘરે જમવા માટે આવેલ ત્યારે મઢની સામે નાથાભાઈના પત્ની સવિતા બેને જાણ કરેલ કે, મઢનું બારણુ ખુલ્લુ છે. જેથી ત્યાં જોવા માટે જતાં મઢના મેઈન દરવાજો ખુલ્લો હતો. અને દરવાજાનો નકુચો તુટી ગયેલ હતો અને તાળુ નીચે પડેલ હતુ. જેથી મઢની અંદરથી મઢમાં માતાજીના પાલકમાં બે ફળા આડા પડેલ હતા, અને મઢના પાલકમાં લટકાવેલ બે નાના સોનાના છતર જે બન્ને છતરની આશરે કિં.રૂા. ૩૦,૦૦૦ તથા આશરે નાના મોટા ચાંદીના નંગ ૮૦, કિંમત રૂપિયા ૩૫૦૦૦ ના છતર જોવામાં આવેલ નહી. જે અંગે કોઈ અજાણ્યા ચોર ઈસમ દિન દહાડે ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

## અમરેલી જિલ્લાનાં ચારણ ગઢવી સમાજનું ગૌરવ



અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લા પોલીસમાં પોલીસ કોન્સ્ટેબલમાં જોડાઈને અમરેલી હેડ કવાર્ટર ખાતે નવ વર્ષ સુધી પી.એસ.આઈ. તરીકે સેવા આપી પોલીસ ઈન્સ્પેકટર સુધી પહોંચેલા કે.એસ. ભેવલીયા(ગઢવી) જેઓ પી.આઈ.નું પ્રમોશન મેળવી વાલીયા ભરૂચ ખાતેથી સેવા નિવૃત થયા હતાં. તેમના પુત્ર કીશનદાન ભેવલીયા તથા પુત્રવધૂ ડો. સેજલબેન ભેવલીયા ઉચ્ચ અભ્યાસ અર્થે યુ.કે.નાં લંડન ખાતે સજોડે જતા આજે તેમને શુભેચ્છા પાઠવી લંડન જવા વિદાઈ અપાઈ હતી. કિશનદાન ગઢવી અને ડો. સેજલબેન વિદેશ જતા અમરેલી જિલ્લા ચારણ ગઢવી સમાજ અને અમરેલી જિલ્લા પોલીસ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે. તેમ ચારણ ગઢવી સમાજની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

### નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરની ઉપસ્થિતિમાં

## બાબરામાં શ્રી વિવેકાનંદ વિદ્યાલયમાં ફૂડ ફેસ્ટિવલ કાર્યક્રમ યોજાયો

**વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા**

બાબરા, તા. ૧૭

બાબરામાં શ્રી વિવેકાનંદ વિદ્યાલય દ્વારા શિયાળુ ફૂડ ફેસ્ટિવલ કાર્યક્રમનું આયોજન નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકરના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. જેમાં શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા પીઝા, સ્ટીમ ઢોકળા, આલુપુરી, ચણા ગરમ, ગ્રીન બેટેટા, પાન બિસ્કિટ, ફુડ ડિસ સહિતની ૩૫ જેટલી વાનગીઓ જાતે બનાવી તેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. શહેરના લોકો તેમજ વાલીઓ દ્વારા દરેક વાનગી સ્ટોલની મુલાકાત કરી વાનગીઓનો આસ્વાદ માણી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતુ..

શ્રી વિવેકાનંદ વિદ્યાલયના મેનેજિંગ ટ્રસ્ટી ભાર્ગવભાઈ ભડાણીયા, પ્રકાશભાઈ તેમજ સમીર દવેના સીધા માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓની પુરી જહેમત બાદ કાર્યક્રમને સફળ કરવામાં આવ્યો હતો.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા







ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















### શેરબજારમાં ૧૬ મહિનાનો સૌથી મોટો કડાકો

# સેન્સેક્સમાં ૧૬૨૮, નિફ્ટીમાં ૪૭૩ પોઈન્ટનો જોરદાર કડાકો

## શેરબજારમાં એચડીએફસી બેન્કના શેરમાં ૮ ટકાથી વધુની નબળાઈ નોંધાઈ, મોટાભાગના બેન્કિંગ શેર શેરબજારના ટોપ લુઝર્સમાં સામેલ હતા

મુંબઈ, તા.૧૭

શેરબજાર બુધવારે ભારે નબળાઈ સાથે સમાપ્ત થયું. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૪૭૩ પોઈન્ટ ઘટીને ૨૧૫૫૯ના સ્તર પર આવી ગયો છે જ્યારે બીએસઈસેન્સેક્સ ૧૬૨૮ પોઈન્ટની નબળાઈ સાથે ૭૧૫૦૦ ના સ્તર પર બંધ થયો છે. બુધવારના ટ્રેડિંગમાં એચડીએફસીબેંકના શેરમાં ૮ ટકાથી વધુની નબળાઈ નોંધાઈ હતી અને તે ૧૫૪૦ રૂપિયાના સ્તરે બંધ થયો હતો. મોટાભાગના બેંકિંગ શેર શેરબજારના ટોપ લુઝર્સમાં હતા. બુધવારે એચડીએફસી બેન્ક, આસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેંક, કોટક બેન્ક, SBI અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના શેરમાં નબળાઈ નોંધાઈ હતી, જ્યારે એ ચ સી એ લ ટે ક, એસબીઆઈલાઈફ, એલટીઆઈ માઈન્ડટ્રી,ટીસીએસ, ઈન્ફોસીસ, ટેક મહિન્દ્રાઅને એપોલો હોસ્પિટલ્સના શેરમાં વધારો નોંધાયો હતો. બુધવારે શેરબજારમાં ભારે ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૧૬ મહિનામાં સૌથી મોટા દૈનિક ઘટાડા બાદ શેરબજારનો સેન્સેક્સ ૭૨૦૦૦ની નીચે બંધ થયો છે. બુધવારે, નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી બેંક જેવા તમામ સૂચકાંકોમાં નબળાઈ નોંધાઈ હતી જ્યારે નિફ્ટી આઈટી ઈન્ડેક્સ નજીવો વધીને બંધ થયો હતો. બુધવારના કારોબારમાં એચસીએલ ટેક, એસબીઆઈ લાઈફ, ટીસીએસ અને એલટીઆઈ માઈન્ડટ્રીના શેર લીલા નિશાનમાં બંધ થયા હતા, જ્યારે એચડીએફસી બેંક ૮.૨૮ ટકાના ભારે ઘટાડા સાથે રૂ. ૧૫૪૦ પર બંધ થયા હતા. બુધવારે ટાટા સ્ટીલ, કોટક મહિન્દ્રા બેંક અને એક્સિસ બેંક સહિત તમામ બેંકિંગ શેરોમાં ભારે ઘટાડો નોંધાયો છે. શેરબજારના રોકાણકારોને મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો ગૌતમ અદાણી ગ્રુપની તમામ ૧૦ લિસ્ટેડ કંપનીઓના શેરમાં નબળાઈ નોંધાઈ છે. અદાણી એનર્જી સોલ્યુશન્સ ૩.૫૮ ટકાની નબળાઈએ બંધ થયું હતું જ્યારે અદાણી વિલ્મર ૧.૩૭ ટકાની નબળાઈએ બંધ થયું હતું. શેરબજારના રોકાણકારોને મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો, ગાર્ડન રીચ શિપબિલ્ડર અને ઈન્ફોસિસ લિમિટેડના શેરમાં વધારો થયો હતો જ્યારે દેવયાની ઈન્ટરનેશનલ, આશાનિષા ઈન્ડસ્ટ્રીઝ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ગરવેર ટેકનિકલ ફાઈબર્સ, મારુતિ સુઝુકી, બજાજ ફાઈનાન્સ, મુથૂટ ફાઈનાન્સ, આઈઆરસીટીસી. ટાટા મોટર્સ, એસબીઆઈ કાર્ડ, પતંજલિ ફૂડ્સ, ફેડરલ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક અને એક્સિસ બેંકના શેર નબળાઈ પર બંધ થયા હતા.

### આરબીઆઈએ નિયમોમાં ફેરફાર કર્યા

# રિઝર્વ બેન્કે નિયમમાં ફેરફાર કરતા ફેબ્રુઆરીથી પર્સનલ લોન મોંઘી થશે

## અસુરક્ષિત લોનમાં ભારે વધારાથી આરબીઆઈએ ગ્રાહક લોન પર રિસ્ક વેટ ૧૦૦% થી વધારીને ૧૨૫% કર્યું

નવી દિલ્હી, તા.૧૭

આ વર્ષે પર્સનલ લોન મોંઘી થશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા તાજેતરના નિયમોમાં ફેરફારને કારણે નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (એનબીએફસી) પાસેથી લોન મેળવવી વધુ મુશ્કેલ બની શકે છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં અસુરક્ષિત લોનમાં થયેલા ભારે વધારાને પગલે, આરબીઆઈએ ગ્રાહક લોન પર રિસ્ક વેટ ૧૦૦% થી વધારીને ૧૨૫% કર્યું છે. રિઝર્વ બેંકે તમામ નિયમનકારી સંસ્થાઓને ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધીમાં નવા નિયમોનું પાલન કરવાનું પણ કહ્યું હતું. તેનાથી અસુરક્ષિત લોન આપવાનો ખર્ચ વધી જશે. આરબીઆઈએ ગ્રાહક ધિરાણમાં જોખમ ૧૦૦ ટકાથી વધારીને ૧૨૫ ટકા કર્યું છે.

તેનાથી કંપનીનો ધિરાણ ખર્ચ વધશે અને તેની સીધી અસર બેંકના ગ્રાહકો પર પડશે અને તેમને લોન પર વધુ વ્યાજ ચૂકવવું પડશે. આવી સ્થિતિમાં લોન આપનારી તમામ કંપનીઓએ આ નિયમનું પાલન કરવું પડશે, જેના માટે ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીની સમયમર્યાદા આપવામાં આવી છે.

એટલે કે અગાઉ બેંકે ૧૦૦ રૂપિયાની પર્સનલ લોન પર ૧૦૦ ટકા એટલે કે ૧૦૦ રૂપિયાનું જોખમ રાખવું પડતું હતું. નવા નિયમ હેઠળ હવે તે વધારીને ૧૨૫ ટકા કરવામાં આવી છે. મતલબ કે હવે ૧૦૦ રૂપિયાની લોન માટે બેંકોએ ૧૨૫ રૂપિયાનું રિસ્ક વેઈટેજ રાખવું પડશે. આવી સ્થિતિમાં બેંકો માટે પર્સનલ લોનનો ખર્ચ વધી ગયો છે. જેની સીધી અસર પર્સનલ લોન લેનારા ગ્રાહકો પર પડશે.

રિસ્ક વેઈટેડ એસેટએ એસેટ એટલે કે મૂડી સાથે સંકળાયેલ જોખમને માપવા માટે છે, જે લોન લેનારને નાણાકીય સંસ્થાઓ તેના ક્રેડિટ જોખમને આવરી લેવા માટે જરૂરી લઘુત્તમ મૂડી નક્કી કરવામાં મદદ કરે છે.

### આયુષ્માન ભારત યોજનાથી મફત સારવાર થાય છે

# સરકારે આયુષ્માન ભારત યોજના હેઠળ સારવારની યાદીમાંથી ૧૯૬ રોગને હટાવ્યા

## આ રોગોની સારવાર સરકારી હોસ્પિટલોમાં લેવી પડશે

નવી દિલ્હી, તા.૧૭

લોકો સ્વાસ્થ્ય પ્રત્યે ધ્યાન આપે તે માટે સરકારે આયુષ્માન ભારત યોજના શરૂ કરી છે. ૨૦૧૮ માં શરૂ થયેલી આ અદ્ભુત યોજના હેઠળ, અનેક રોગોની મફતમાં સારવાર કરવામાં આવે છે.

આ કાર્ડધારકોમાં બાળકોથી લઈને વડીલો સુધીના દરેકને ૫ લાખ રૂપિયા સુધીના સ્વાસ્થ્ય વીમા લાભો મેળવવાની તક મળે છે.

સરકારે તાજેતરમાં એક યાદી બહાર પાડી છે. આ લિસ્ટમાં તેમણે જણાવ્યું છે કે આયુષ્માન ભારત યોજના હેઠળ કઈ બીમારીઓ આવરી લેવામાં નથી આવતી તે જાણીએ. આયુષ્માન ભારત યોજનામાં મોટા ફેરફારો સાથે, હવે આ યોજના હેઠળ ૧૭૬૦ રોગોની સારવાર થતી. પરંતુ નવા નિર્ણય સાથે સરકારે આમાંથી મેલેરિયા, મોતિયા, સર્જિકલ ડિલિવરી, નસબંધી અને ગેંગરીન જેવા ૧૯૬ રોગોને આ લીસ્ટમાંથી હટાવી દીધા છે. જેની લોકો પર ઊંડી અસર પડી છે.

મતલબ કે હવે લોકોને આ રોગોની સારવાર સરકારી હોસ્પિટલોમાં જ લેવી પડશે, જેના કારણે ઘણા લોકોની પ્રાથમિકતા વધી ગઈ છે.

પહેલા ઘણા લોકો ખાનગી હોસ્પિટલોમાં જતા હતા કારણ કે ત્યાં સુવિધાઓ વધુ હતી, પરંતુ આ નિર્ણયથી તેમને સરકારી હોસ્પિટલો તરફ વળવાની ફરજ પડી રહી છે.

આર્થિક રીતે નબળા અને ગરીબ નાગરિકો માટે બનેલી આ યોજના ખૂબ જ મહત્વપૂર્ણ છે. પીએમજેએવાય યોજના ચલાવતા રાજ્યોમાં, તેનો લાભ મેળવનાર લોકોની પસંદગી પ્રક્રિયા એસઈસીસી ૨૦૧૧ના આધારે કરવામાં આવે છે. તમે ઓનલાઈન ચેક કરી શકો છો કે તમે આ યોજનાના લાભાર્થી છો કે નહીં.

યોજના માટે પાત્રતા કેમ ચકાસવી?

- તમારે નજીકના અટલ સેવા કેન્દ્ર અથવા જન સેવા કેન્દ્રની મુલાકાત લેવી પડશે, અથવા તમે પીએમજેએવાયની https://pmjay.gov.in/ સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈ શકો છો
- ત્યાં તમારે 'એમ આઈ એલિજિબલ' વિકલ્પ પસંદ કરવાનો રહેશે. ત્યારબાદ, તમારે તમારો મોબાઈલ નંબર નાખવાનો રહેશે અને ઓટીપીજનરેટ કરવો પડશે
- હવે, તમે તમારું રાજ્ય, નામ, ફોન નંબર અને રેશન કાર્ડ નંબર એન્ટર કરીને તમારી યોજના માટેની પાત્રતા ચકાસી શકો છો.

### પ્રાણપ્રતિષ્ઠા સમારોહને લઈને વિવાદ વકર્યો

# શરદ પવાર રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠામાં નહીં જાય

## પવારે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહાસચિવ ચંપત રાયને પત્ર લખી કાર્યક્રમમાં હાજર નહીં રહી શકે એમ જણાવ્યું

મુંબઈ, તા.૧૭

રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ માટે ઘણા રાજનેતાઓને આમંત્રણ મોકલાયું છે. તેમાં કોંગ્રેસ સહિત વિપક્ષના ઘણા સાથીઓએ આમંત્રણ ફગાવતાં રામમંદિરના ઉદઘાટન સમારોહને ભાજપનો રાજકીય કાર્યક્રમ ગણાવી દીધો હતો.

આ સૌની વચ્ચે વધુ એક દિગ્ગજ અને કદાવર નેતા શરદ પવારે હવે રામમંદિરનું આમંત્રણ સ્વીકાર્યું નથી.

રામમંદિરના ટ્રસ્ટે એનસીપીવડા શરદ પવારને અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં હાજરી આપવા માટે આમંત્રણ મોકલ્યું હતું.

તેના જવાબમાં શરદ પવારે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહાસચિવ ચંપત રાયને પત્ર લખ્યો હતો. તેમણે કહ્યું કે ૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં તો હું નહીં આવી શકું પરંતુ હું મારી જાતે સમય કાઢીને પછીના કોઈ દિવસે દર્શન માટે આવીશ અને ત્યાં સુધી તો રામમંદિરનું નિર્માણ કાર્ય પણ પૂર્ણ થઈ જશે.

કોંગ્રેસ, ટીએમસી, શિવસેના (યુબીટી) સહિત વિપક્ષના મોટાભાગના સાથીઓએ આ કાર્યક્રમથી અંતર જાળવવાની જાહેરાત કરી દીધી છે. કોંગ્રેસે આ પ્રાણ પ્રતિષ્ઠા સમારોહને ભાજપ અને આરએસએસનો કાર્યક્રમ ગણાવ્યો હતો.

દરમિયાન ગઈકાલે ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રામ મંદિરના ઉદ્ઘાટન પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે આ એક એક રાજકીય કાર્યક્રમ બની ગયો છે.

હિન્દુ ધર્મના અગ્રણી લોકો (શંકરાચાર્ય) પણ કહી ચૂક્યા છે કે આ કોઈ ધાર્મિક કાર્યક્રમ નથી.

### ગ્લોબલ ફાયરપાવરની યાદી બહાર પાડવામાં આવી

# ભારતમાં વિશ્વની સૌથી ચોથી શક્તિશાળી સેના છે

## યાદીમાં અમેરિકા ટોચે રહ્યું, ટોપ ૧૦ દેશોમાં પાકિસ્તાન આ યાદીમાં ઠેઠ તળીયે હોય તેમ ૯મા સ્થાને રહ્યું

નવી દિલ્હી, તા.૧૭

ભારતીય સેના વિશ્વની ચોથી સૌથી શક્તિશાળી સેના છે. ૨૦૨૪ માટે તાજેતરમાં બહાર પાડવામાં આવેલી ગ્લોબલ ફાયરપાવરની યાદીમાં સૌથી મજબૂત સેનાઓની વિગતો આપવામાં આવી છે. આ યાદીમાં અમેરિકા ટોચે રહ્યું હતું. જ્યારે ખાસ વાત એ છે કે ટોપ ૧૦ દેશોમાં પાકિસ્તાન આ યાદીમાં ઠેઠ તળીયે હોય તેમ ૯મા સ્થાને રહ્યું છે.

બીજી બાજુ ઓછી શક્તિશાળી સેના ધરાવતા દેશોમાં ભૂટાનનું નામ પ્રથમ સ્થાને છે. ગ્લોબલ ફાયરપાવર મિલિટરી સ્ટ્રેન્થ રેંકિંગ ૨૦૨૪ની યાદીમાં અમેરિકાનું નામ ટોચ પર છે. તેના પછી હાલમાં યુક્રેન સાથે યુદ્ધ લડી રહેલા રશિયાનું નામ બીજા સ્થાને છે.

ચીનને વિશ્વની ત્રીજી સૌથી મજબૂત સેનાનો ખિતાબ મળ્યો છે. તે જ સમયે, યાદીમાં આ ત્રણ દેશો પછી ભારતનું નામ છે. દક્ષિણ કોરિયા પાંચમા સ્થાને છે. આ સિવાય બ્રિટન છઠ્ઠા સ્થાને છે. જાપાન ૭મા, તુર્કી ૮મા, પાકિસ્તાન ૯મા અને ઈટાલી ૧૦મા ક્રમે છે.

આ યાદીમાં સૌથી ઓછી સૈન્ય તાકાત ધરાવતા દેશોને પણ સામેલ કરવામાં આવ્યા છે. ટોચ પર ભૂટાન પછી, મોલ્ડોવા બીજા સ્થાને અને સુરીનામ ત્રીજા સ્થાને છે. ત્યારપછી સોમાલિયા, બેનિન, લાઈબેરિયા, બેલીઝ, સિએરા લિયોન, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક અને આઈસલેન્ડ ૧૦માં નંબરે છે.

ગ્લોબલ ફાયર પાવરે ૧૪૫ દેશોની સેનાઓ વિશે માહિતી એકત્રિત કરી હતી. સૈનિકોની સંખ્યા, સૈન્ય સાધનો, આર્થિક સ્થિરતા અને સંસાધનો સહિત ૬૦ ક્ષેત્રોના આધારે તેમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ તમામ પરિબળને ધ્યાનમાં રાખીને પાવર ઈન્ડેક્સ સ્કોર બનાવે છે.

### દેશના ઘણા ભાગોમાં કડકડતી ઠંડી સાથે ગાઢ ધુમ્મસ

# ધુમ્મસથી બે દિવસમાં ૩૦૦ ફ્લાઈટ રદ, ૪૦ હજાર મુસાફરો ઘટ્યા

## પહેલીથી ૧૩ જાન્યુઆરી સુધીમાં ભારતમાં સરેરાશ ૨૮૮૩ ડોમેસ્ટિક ફ્લાઈટોનું સંચાલન કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૧૭

દેશભરના ઘણા ભાગોમાં કડકડતી ઠંડી સાથે ગાઢ ધુમ્મસ જોવા મળી રહ્યું છે, જેની સૌથી વધુ અસર એર ટ્રાફિકને થઈ છે. કેટલાક દિવસોથી ઘણી ફ્લાઈટો રદ કરાઈ છે અને મુસાફરોની સંખ્યા પણ ઘટી છે. મીડિયા અહેવાલો મુજબ માત્ર બે દિવસમાં ૩૦૦ ફ્લાઈટો રદ થઈ છે, જ્યારે મુસાફરોની સંખ્યામાં ૪૦ હજાર ઘટી ગઈ છે.

ફ્લાઈટના સમયસર ઉડ્ડયનની વાત કરીએ તો દેશના ૬ એરપોર્ટ પર ઈન્ડિગોની માત્ર ૨૨ ટકા ફ્લાઈટો સમયસર ઉડી રહી છે. એઆઈએક્સકનેક્ટ (અગાઉ એરએશિયા ઈન્ડિયા)ની માત્ર ૩૦ ટકા ફ્લાઈટો અને એર ઈન્ડિયાની ૧૮.૬ ટકા ફ્લાઈટો સમયસર સંચાલન થઈ રહ્યું છે. ઈન્ડિગો દૈનિક ૧૭૬૦ ડોમેસ્ટિક ફ્લાઈટનું સંચાલન કરે છે, જેમાંથી માત્ર ૩૮૭ ફ્લાઈટો સમયસર છે. અન્ય એરલાઈન્સોની પણ આવી જ સ્થિતિ છે. અહેવાલો મુજબ ૧થી ૧૩ જાન્યુઆરી સુધીમાં ભારતમાં સરેરાશ ૨૮૮૩ ડોમેસ્ટિક ફ્લાઈટોનું સંચાલન કરાયું, જેમાં કુલ ૪,૪૨,૩૭૦ મુસાફરોએ પ્રવાસ કર્યો. જ્યારે ૧૪ જાન્યુઆરીએ ફ્લાઈટની સંખ્યા ઘટીને ૨૫૫૨ થઈ ગઈ અને મુસાફરોની સંખ્યામાં પણ ૩,૮૧,૨૫૯નો ઘટાડો થયો. ૧૫ જાન્યુઆરીએ ફ્લાઈટની સંખ્યા ઘટીને ૨૫૯૮ થઈ ગઈ અને મુસાફરોની સંખ્યામાં પણ ૩,૯૦,૨૧૬નો ઘટાડો થયો. બે દિવસમાં લગભગ ૩૩૦ ફ્લાઈટો અને સરેરાશ ૪૦ હજારથી મુસાફરોમાં ઘટાડો થયો છે.

### CM ભૂપેન્દ્ર પટેલે ૬ નગરો માટે લીધો મહત્વનો નિર્ણય

# ૧૦૯ કામો માટે રૂ. ૧૦.૭૭ કરોડની ફાળવણી માટે મુખ્યમંત્રીની સૈદ્ધાંતિક મંજૂરી

## સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના એક ઘટક તરીકે ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના ૨૦૧૨થી કાર્યરત છે

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નગરોમાં વસવાટ કરતા નાગરિકોના ઈઝ ઓફ લિવિંગમાં વધારો કરવાના હેતુસર ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાં ૬ નગરો માટે રૂ.૧૦.૭૭ કરોડની ફાળવણીની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

રાજ્યના નગરો-મહાનગરોના આયોજનબદ્ધ સર્વગ્રાહી વિકાસ અને જનસુવિધાના કામો માટે ગુજરાત રાજ્યની સ્થાપનાના સુવર્ણ જયંતિ વર્ષ ૨૦૧૦માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલી છે. આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના એક ઘટક તરીકે ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના ૨૦૧૨થી કાર્યરત છે.

ખાનગી સોસાયટી જનભાગીદારીની આ યોજના અન્વયે નગરપાલિકા, મહાનગરપાલિકાઓ તેમના વિસ્તારની ખાનગી સોસાયટીમાં રસ્તા, પેવરબ્લોક, પાણીની લાઈન, ગટરલાઈન, સ્ટ્રીટ લાઈન, રેઈન વોટર હાર્વેસ્ટિંગ તથા સોસાયટીઓમાં કોમન પ્લોટમાં પેવરબ્લોક નાખવાના કામો હાથ ધરી શકે છે. આ માટે ૭૦ ટકા ગ્રાન્ટ રાજ્ય સરકાર તરફથી, ૨૦ ટકા જે-તે ખાનગી સોસાયટીનો ફાળો તેમજ ૧૦ ટકા સ્થાનિક સંસ્થાનો ફાળો એમ ગ્રાન્ટ ફાળવણીથી કામો કરવામાં આવતા હોય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના અંતર્ગત રાજ્યની કલોલ નગરપાલિકાને આવા ૬૪ કામો માટે રૂ.૩.૧૭ કરોડ, સુરેન્દ્રનગર-દૂધરેજ નગરપાલિકાને ૨૦ કામો માટે રૂ.૬.૬૫ કરોડ સહિત પાટણમાં ૧૧ કામો માટે રૂ. ૬૧.૯૫ લાખ, વિરમગામમાં બે કામો માટે રૂ.૨૧.૬૪ લાખ તેમ જ જસદણમાં રૂ.૧૧.૦૯ લાખ મળીને કુલ ૧૦૯ કામો માટે સમગ્રતયા રૂ.૧૦.૭૭ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગતની આ ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાં સમગ્ર રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૨,૭૨૬ કામો માટે રૂ. ૩૬૯૨.૪૨ કરોડની મંજૂરીઓ આપવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુ ૧૦૯ કામો ૬ નગરપાલિકાઓમાં મંજૂર કરીને રૂ.૧૦.૭૭ કરોડની ફાળવણી કરવા સૈદ્ધાંતિક અનુમોદન આપતાં આ ૬ નગરોમાં ખાનગી સોસાયટીઓનાં જનહિત કામો હાથ પર લઈ શકાશે.

### સરકારી વીમા કંપની એલઆઈસીના શેરોમાં તેજી

# સ્ટેટ બેંકને પછાડીને એલઆઈસી સૌથી મોટી લિસ્ટેડ સરકારી કંપની

## એલઆઈસીના શેરોમાં છેલ્લા પાંચ દિવસમાં સાડા સાત ટકાની તેજી, એક મહિનામાં શેર ૧૩ ટકાની ઉપર ઉછળ્યા

નવી દિલ્હી, તા.૧૭

સરકારી વીમા કંપની એલઆઈસીના શેરોમાં છેલ્લા કેટલાક દિવસોથી શાનદાર તેજી જોવા મળી રહી છે. આજે જ્યારે બજારમાં ચોતરફી વેચવાલી જોવા મળી રહી હતી ત્યાં એલઆઈસીના શેર ગ્રીન ઝોનમાં હતા. આ તેજીના જોરે એલઆઈસી હવે શેરબજારમાં લિસ્ટેડ સૌથી મોટી સરકારી કંપની બની ગઈ છે. ભારતીય જીવન વીમા નિગમે સૌથી મોટી સરકારી બેંક એસબીઆઈને પણ પછાડી નંબર ૧ પર કબજો જમાવી લીધો છે.

બુધવારે વેપારમાં સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં કડાકાની સ્થિતિ જોવા મળી હતી. જ્યારે એલઆઈસીનો શેર ૧.૨૫ ટકાની તેજી સાથે ૯૦૩ રૂપિયા પર પહોંચી ગયો હતો. વેપારની શરૂઆતમાં જ આ શેર ૯૧૮.૪૫ રૂપિયાના નવા સર્વોચ્ચ સ્તરે ઓપન થયો હતો. આ એલઆઈસીના શેરનો નવો ૫૨ વીક હાઈ લેવલ છે.

એલઆઈસીના શેરોમાં છેલ્લા પાંચ દિવસમાં સાડા સાત ટકાની તેજી આવી છે. જ્યારે એક મહિનામાં સરકારી શેર ૧૩ ટકાની ઉપર ઉછળ્યાં હતા. ૬ મહિનાના હિસાબે શેર ૪૫ ટકાથી વધુ ફાયદામાં છે. શેરોમાં આવેલી શાનદાર રેલીના જોરે એલઆઈસીની માર્કેટ કેપમાં પણ જોરદાર તેજી આવી છે. હાલ એલઆઈસીનું માર્કેટ કેપ ૫.૭૦ લાખ કરોડ રૂપિયાથી વધી ગયું છે.

બીજી બાજુ સૌથી મોટી સરકારી બેંક એસબીઆઈના શેરોમાં આજે ઘટાડો નોંધાયો હતો. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના શેર બપોરે આશરે ૨ ટકાના કડાક સાથે ૬૨૫ રૂપિયાની આજુબાજુ ટ્રેડ થઈ રહ્યા હતા.

આ એસબીઆઈના ૫૨ વીક હાઈ લેવલ ૬૬૦.૪૦ રૂપિયાથી નીચે છે. તેના લીધે એસબીઆઈનું માર્કેટ કેપ ઘટીને ૫.૫૮ લાખ રૂપિયાએ પહોંચી ગયું. જેનાથી એસબીઆઈને પાછળ કરી એલઆઈસી હવે સૌથી વધુ વેલયૂ ધરાવતી સરકારી કંપની બની ગઈ છે.

### ફરી એકવાર ઇક્મટેક્સ વિભાગે વિવિધ સ્થળોએ તવાઇ

# ગુજરાતમાં વિવિધ સ્થળોએ IT વિભાગના દરોડા પડ્યા

## ઇક્મટેક્સ વિભાગ દ્વારા બે ગ્રુપ પર બેનામી વ્યવહારોની આશંકાના પગલે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે

ખેડા, તા.૧૭

ફરી એકવાર ગુજરાતમાં ઈક્મટેક્સ વિભાગે વિવિધ સ્થળોએ તવાઈ બોલાવી છે. ઈક્મ ટેક્સ વિભાગે ગુજરાતમાં ખેડા, નડિયાદ અને આણંદના બે ગ્રુપ પર કાર્યવાહી હાથ ધરી છે. ઈક્મટેક્સ વિભાગ દ્વારા બે ગ્રુપ પર બેનામી વ્યવહારોની આશંકાના પગલે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. IT વિભાગની રેડના પગલે અન્ય વેપારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે.ખેડા અને આણંદ જિલ્લામાં ઈક્મટેક્સ વિભાગે દરોડા પાડ્યા છે. નડિયાદમાં ગરમ મસાલાનો વેપાર કરતા એશિયન ગ્રુપ પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ છે. સુરતના IT વિભાગે એશિયન ફૂડ ઈન્ડસ્ટ્રીઝમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. એશિયન ગ્રુપ સાથે સંકળાયેલા આણંદના નારાયણ ગ્રુપ પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. નારાયણ ગ્રુપ રિયલ એસ્ટેટ ક્ષેત્ર સાથે સંકળાયેલું છે. બંને ગ્રુપના કુલ ૨૫ સ્થળો પર આવકવેરા વિભાગે સર્ચ શરુ કરીને કાર્યવાહી હાથ ધરી છે. તપાસના અંતે મોટા પાયે બેનામી વ્યવહારો મળે તેવી સંભાવના છે.

### શિક્ષક મંડળે સરકારને રજૂઆત કરી

# ૨૨ જાન્યુઆરીએ શાળાઓ બંધ રાખવાની માંગ કરાઇ

ગાંધીનગર, તા.૧૭

અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈ દેશભરમાં ધાર્મિક માહોલ જામ્યો છે. આ માટે દરેક શહેર અને દરેક ગામમાં ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરેક હિન્દૂ પરિવારો દ્વારા હિસ્સો લઈને રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે સુંદર આયોજન હાથ ધરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન અમદાવાદ શહેરના શિક્ષકોએ સોમવારે જાહેર રજાની માંગ કરી છે.દેશભરમાં રામ મંદિરને લઈ રામમય માહોલ સર્જાયો છે. દરેક ગામ અને શહેરમાં રામ મંદિર મહોત્સવને લઈ ધાર્મિક માહોલ જામ્યો છે. આ દરમિયાન હવે અમદાવાદ શહેરના શિક્ષકોએ શાળાઓમાં રજાની માંગણી કરી છે. અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગને પત્ર લખીને રજાની માંગ કરી છે. આ માટે મુખ્યપ્રધાન અને રાજ્યના શિક્ષણ પ્રધાનને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે.

શાળાઓમાં રજા રાખવાને લઈ શિક્ષક મંડળે બતાવ્યુ છે કે, રજા રાખવાથી વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકો પોતાના પરિવાર સાથે આ શુભ ઘડીનો હિસ્સો બની ઉજવણી કરી શકશે. ધાર્મિક કાર્યક્રમમાં હિસ્સો લઈ શકાશે અને તેમના વિસ્તાર અને ગામના મંદિરોમાં સફાઈ કાર્યક્રમમાં જોડાઈ શકાશે.

# સા.કુંડલા : કાણકિયા કોલેજમાં સ્વામી વિવેકાનંદ રમતોત્સવ અંતર્ગત રસ્સા ખેંચ સ્પર્ધા રસાકસી પૂર્ણ રીતે સંપન્ન

(પ્રતાપ ખુમાણ દ્વારા)
સાવરકુંડલા, તા. ૧૭

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વીડી કાણકિયા આર્ટસ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ સાવરકુંડલા તથા સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય યુવા બોર્ડ- સાવરકુંડલા નગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા. ૧૬/૧/૨૪ ના રોજ રસ્સા ખેંચ સ્પર્ધા નું આયોજન થયેલ.

સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી સ્પર્ધાને ખુલ્લી મુકવામાં આવેલ. કોલેજના પ્રિ. ડો.એસ.સી. રવિયાએ સ્પર્ધામાં ઉપસ્થિત મેહુલભાઈ ત્રિવેદી (પ્રમુખશ્રી સા.કું. ન.પા.), કરસનભાઈ આલ(શાસક પક્ષ નેતા), લલીતભાઈ મારૂ, અનિરૂદ્ધસિંહ રાઠોડ (યુવા ભાજપ પ્રમુખ), લાલાભાઈ ગોહિલ (સદસ્ય) તથા સ્પર્ધાના આયોજક નીરજભાઈ ત્રિવેદી, ગીરીશભાઈ નાંદોલીયા તથા ઉપસ્થિત તમામ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ તેમજ યુવાવસ્થામાં શારીરિક સશક્તાથી તંદુરસ્ત જીવન ઉત્તમ પ્રકારે જીવી શકાય તે બાબતે પ્રસંગોચિત વાતો કરેલ.

રસ્સા ખેંચ સ્પર્ધામાં ભાઈઓની કુલ છ અને બહેનોની બે



ટીમે ભાગ લીધેલ. કોલેજના વિદ્યાર્થીઓની બહોળી સંખ્યા વચ્ચે આ તમામ ટીમોએ શકિત પ્રદર્શન કરી ઉત્તમ પ્રકારે દેખાવ કરેલ. સમગ્ર સ્પર્ધા અંત સુધી રસાકસી પૂર્ણ રહેલ. સ્પર્ધામાં ભાઈઓમાં અર્જુન ઈલેવન ટીમ તથા બહેનોમાં પૃથ્વીબા ઈલેવન ટીમ વિજેતા બનેલ.

સમગ્ર રસ્સા ખેંચ સ્પર્ધા ની પ્રેકિટસ તથા આયોજન કોલેજના વીઝીટીંગ પીટીઆઈ એજાજભાઈ કાજીએ કરેલ તેમજ સ્પર્ધાને સફળ બનાવવા કોલેજના તમામ સ્ટાફે જહેમત ઉઠાવેલ.

### જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ

# અમરેલીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ૧૫ દિવસીય કોર્સના તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરાયા

## ઇન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટની બેચ-૬ ને વિતરણ

અમરેલી, તા.૧૭

અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુ.કૃ.યુ., ખાતે ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ બેચ-૫ અને બેચ-૬ના પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ યોજાયો. જેમાં જુનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, જુનાગઢના સહ વિસ્તરણ શિક્ષણ નિયામક, ડો. એચ.સી. છોડવડીયા, રમેશભાઈ કાથરોટીયા, પ્રમુખ એગ્રો એસોસિએશન જિલ્લા અમરેલી, જયસુખભાઈ ગેડીયા પ્રમુખ એગ્રો એસોસિએશન બગસરા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. પી.જે. પ્રજાપતિ તથા કેવિકે, અમરેલીનો તમામ સ્ટાફ હાજર રહયો હતો.

આ કાર્યક્રમમાં કુલ ૧૧૫ તાલીમાર્થીઓને સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું. ડો. એચ.સી.



છોડવડીયા દ્વારા તાલીમાર્થીઓને આ કોર્ષનું મહત્વ તથા ખેડૂતોને ખાતર વિશે યોગ્ય માર્ગદર્શન મળે તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો.

### વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાનાં અધ્યક્ષ સ્થાને

# કુંકાવાવ-વડિયા તાલુકાનાં નવા ઉજળા-ચોકી રોડનાં ખાતમુર્હુતનો કાર્યક્રમ વિધિવત રીતે સંપન્ન

## રૂા. ૫૦ લાખના ખર્ચે નવા ઉજળા-ચોકી રોડ બનાવવામાં આવશે

અમરેલી, તા.૧૭

સમગ્ર ગુજરાતમાં વિકાસકાર્યો શરૂ છે. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડીયાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાની ઉપસ્થિતિમાં અમરેલીના કુંકાવાવ-વડીયા તાલુકાના નવા ઉજળા-ચોકી રોડના ખાતમુર્હૂતનો કાર્યક્રમ વિધિવત રીતે યોજાયો હતો.

જિલ્લા પંચાયત માર્ગ અને મકાનની રૂા. ૫૦ લાખનાં અનુદાનમાંથી નવા ઉજળા-ચોકી રોડ બનાવવામાં આવશે. અંદાજિત ૨,૦૦૦ મીટર રોડની કામગીરી ચાર થી પાંચ દિવસમાં જ શરૂ કરવામાં આવશે, આ કામગીરી આગામી ૨૦ દિવસમાં પૂર્ણ પણ કરવામાં આવશે. નવા ઉજળા ખાતે રોડના ખાતમુર્હૂત પ્રસંગે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ ગ્રામજનો સાથે શ્રી રામજી મંદિરમાં સાફ-સફાઈ પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં ધાર્મિક અને આધ્યાત્મિક સ્થળો પર સાફ-સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

કુંકાવાવ-વડીયા તાલુકાના



નવા ઉજળા-ચોકી રોડના ખાતમુર્હૂત પ્રસંગે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, આ રોડનો પ્રશ્ન વર્ષોથી વણઉકેલ્યો હતો, હવે નવો રોડ બનાવવાની કામગીરી શરૂ થશે એટલે ગ્રામજનોના વર્ષો જૂના રોડના પ્રશ્નનું નિરાકરણ આવશે. વધુમાં તેમણે જણાવ્યુ કે, આ કામગીરી આગામી ૨૦ દિવસમાં જ પૂર્ણ કરવામાં આવશે. કુંકાવાવ-વડીયા તાલુકાના નવા ઉજળા-ચોકી રોડના ખાતમુર્હૂત પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સદસ્યો, નવા ઉજળા સરપંચ, તલાટી કમ મંત્રી સહિતના અધિકારીઓ, કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સાધુની કોઈ જ્ઞાતિ ન હોઈ શકે : શ્રી મોરારીબાપુ

# સાવરકુંડલા લાલધામ ગૌ શાળામાં ત્રિવિધ મહોત્સવ યોજાયો



(પ્રતાપ ખુમાણ દ્વારા)
સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા શ્રી લાલધામ ગૌશાળા ખાતે સતગુરૂ હસુબાપુની નિર્વાણતિથિ નિમિત્તે અને લાલધામ આશ્રમના નવનિર્મિત ગૌશાળાના લાભાર્થે સંતવાણી, જમા જાગરણ પાટોત્સવ તથા ભગવાન શ્રી રામદેવજી મહારાજ અને ભકત શિરોમણી માઁ ડાલીબાઈ માતાજીનાં નિજ મંદિરનું ખાતમુર્હુત કાર્યક્રમ વિશ્વ વંદનીય પૂજય મોરારીબાપુ તથા જૂનાગઢ પ્રેરણાધામ આશ્રમના મહંત શ્રી લાલજી મહારાજનાં સાનિધ્યમાં સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં પૂજય મોરારીબાપુએ પોતાનો રાજીપો વ્યકત કર્યો હતો અને પૂજય લાલબાપા તથા પૂજય હસુબાપુ સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા અને જણાવેલ 'તમામ જ્ઞાતિમાંથી સાધુ હોઈ શકે, પરંતુ સાધુની કોઈ જ્ઞાતિ ન હોઈ શકે', જે બાદ તેમણે ભગવાન શ્રી રામદેવજી મહારાજ, ભકત શિરોમણી માં ડાલીબાઈ માતાજીના નિજ મંદિરનું ખાતમુર્હુત તથા પાટોત્સવની જયોત પ્રજવલિત કરી હતી. ગિરનાર સિદ્ધ ભૂમિ પ્રેરણાધામના મહંત શ્રી લાલજી મહારાજે આ તબક્કે પોતાની પ્રસન્નતા વ્યકત કરી હતી. જયારે માનવ મંદિર સાવરકુંડલાનાં શ્રી ભકિતરામ બાપુ, હાથીજણ અમરધામ ભરતબાપુ, દિલુબાપુ, અલખપુરી જૂનાગઢ મહામંડળેર ૧૦૦૮ ગોવિંદગીરીજી સહીત અન્ય સંતો મહંતો અને જતી સતી અને ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. આ નિમિતે યોજાયેલ સંતવાણી કાર્યક્રમમાં સાધ્વી જયશ્રી દાસજી માતાજી તથા શ્રવણદાસજીએ અને લાલધામ આશ્રમના મહંત ચંદ્રિકાબહેનજી ગુરૂમુખી સંતવાણી જયારે લોકસાહિત્યકાર રમેશભાઈ મકવાણાએ લોક સાહિત્યની સરવાણી વહેતી મૂકી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ઉમેશભાઈ ચાવડા દ્વારા કરાયું હતું. જયારે લાલધામ આશ્રમના વિશાળ સેવકગણે ત્રિવિધ કાર્યક્રમને આસ્થાપૂર્ણ માણ્યો હતો. આખાય કાર્યક્રમને સફળ બનાવવા લાલધામ આશ્રમના મહંત ચંદ્રિકાબહેનજી ગુરૂ હસુબાપુની દેખરેખ હેઠળ સુપેરે સપન્ન થયો હતો.

### નાના કણકોટનાં સરપંચની રજૂઆત

# અમરેલી-ભાવનગર વાયા લીલીયા બસને નિયમિત ચલાવવા માંગ

## મુસાફરોએ ધારાસભ્યને પત્ર પાઠવ્યો

લીલીયા, તા. ૧૭

લીલીયા મોટાના નાના કણકોટ ગામે અમરેલીથી સવારે ૯:૦૦ કલાકે લીલીયા આવતી એસટી બસ જે અમરેલી ભાવનગર વાયા લીલીયા એસટી બસ હોય જે બસ અનિયમિત હોવાના કારણે તેમાં જતા પેસેન્જર જેવા કે ભાવનગર સુધીના દર્દીઓને અથવા તો દવાખાનાના કામે જતા લોકોને બસ અનિયમિત હોવાથી તકલીફ પડતી હોય અને વિદ્યાર્થી વર્ગ, આંગણવાડી વર્કરો, આશા વર્કર બહેનો સહિતના સરકારી કર્મચારી તેમજ ભાવનગર જતા લોકોને ખૂબ મોટી અગવડતા પડતી હોય જે બાબતે નાના કણકોટ ના ઈન્ચાર્જ સરપંચ હસમુખભાઈ પોલરા દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, અમરેલી ડી.સી. ને પત્ર પાઠવી યોગ્ય કરવા રજૂઆત કરેલ છે તેવી જ રીતે આંગણવાડી વર્કર આશા વર્કર બહેનો દ્વારા પણ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ને પત્ર લખી માંગ કરેલ છે અને જેમાં જણાવેલ છે કે અમરેલી ગુંદરણ એસટી બસ જે લગભગ સવારે ૯:૪૫ કલાકે આવે છે તે બસ ગુંદરણથી રિટર્ન થાય છે પણ જો તે બસ ત્રણ કિલોમીટર લંબાવીને પાંચતલાવડા સુધી કરવામાં આવે તો તમામ નાના વર્ગના કર્મચારી અને બહેનોને, વિદ્યાર્થીઓને સમયસર પહોંચાડવામાં બીજો વિકલ્પ મળી રહે તેમ છે. પાંચતલાવડા, ખારા, નાના રાજકોટ, આ બધા લીલીયા તાલુકાના છેવાડાના ગામો હોવાથી બહેનોને રિટર્ન આવવામાં પણ ખૂબ જ મુશ્કેલી પડે છે. ખાસ તો બપોરના એક થી બે વાગ્યે કોઈ જ તાલુકા મથકે કે કચેરીએ આવવા માટે કોઈ વ્યવસ્થા મળી શકતી નથી તો પાંચ તલાવડાથી લીલીયા રિટર્ન એસટી બસની સુવિધા કરવામાં આવે તેવી આંગણવાડી વર્કર બહેનો અને આશા વર્કર બહેનો દ્વારા ધારાસભ્યને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

### યુવા ચેસ પ્લેયર આર પ્રજ્ઞાનંધાએ ઇતિહાસ રચ્યો

# આર પ્રજ્ઞાનંધાએ ચીનના વર્લ્ડ ચેમ્પિયન ડિંગ લિરેનને હરાવ્યો

નવી દિલ્હી, તા.૧૭

ભારતના યુવા ચેસ પ્લેયર આર પ્રજ્ઞાનંધાએ ઈતિહાસ રચી દીધો છે. તેણે ટાટા સ્ટીલ ચેસ ટૂર્નામેન્ટમાં વર્લ્ડ ચેમ્પિયન ડિંગ લિરેનને હરાવ્યો હતો. ચીનના વર્લ્ડ ચેમ્પિયન સામેની જીતથી પ્રજ્ઞાનંધાને આશ્ચર્ય થયું કારણ કે તે ડિંગને આટલી જલ્દી હરાવી દેશે તેવી તેને અપેક્ષા ન હતી. આ જીત સાથે તેણે દિગ્ગજ ચેસ પ્લેયર વિશ્વનાથન આનંદને પાછળ છોડી દીધા છે. તે ચેસ રેક્િંગમાં સૌથી વધુ રેંક ધરાવનાર ભારતીય ખેલાડી બની ગયો છે.પ્રજ્ઞાનંધા તેના કરિયરમાં પ્રથમવાર ભારતીય ચેસ પ્લેયરમાં સૌથી વધુ રેંક ધરાવનાર ખેલાડી બન્યો છે. જીત બાદ પ્રજ્ઞાનંધાએ કહ્યું, ''મને લાગ્યું કે મેં ખુબ જ સરળતાથી બરાબરી કરી લીધી અને તે પછી કોઈક રીતે તેના માટે વસ્તુઓ ખોટી થવા લાગી. ડિંગ કદાચ તેની રમત પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરતો ન હતો. તે બચાવ કરી શક્યો ન હતો જેની મને અપેક્ષા ન હતી.ભારતીય ગ્રાંડમાસ્ટર આર પ્રજ્ઞાનંધાએ કહ્યું. 'મને લાગે છે કે કોઈપણ દિવસે તમે આવા મજબૂત ખેલાડીને હરાવો છો તે દિવસ તમારા માટે ખુબ જ ખાસ હોય છે કારણ તેમને હરાવવું સહેલું નથી. પ્રથમ વખત ક્લાસિકલ ચેસમાં વર્લ્ડ ચેમ્પિયન સામે જીતવું એક મોટી સિદ્ધિ છે. શરૂઆતની ત્રણ ગેમ રોમાંચક હતી. મને લાગે છે કે હું સારું રમી રહ્યો હતો પરંતુ છેલ્લા વર્ષે પણ આવું જ થયું હતું. એક સમય હતો જયારે હું ખરેખર સારું રમી રહ્યો હતો અને ત્યારબાદ મારી રમત ખુબ ખરાબ થઈ ગઈ હતી જેથી મને લાગે છે કે આ સારું છે. ટુર્નામેન્ટના અંત સુધી એક એનર્જી જાળવી રાખવી ખરેખર મહત્વપૂર્ણ છે. ચેઝ રેન્કિંગમાં આર પ્રજ્ઞાનંધા ૧૧મા ક્રમે છે. તે ડિંગ સામે જીત બાદ રેક્િંગમાં બે સ્થાન આગળ વધી ગયો છે. ચીનના ડિંગ લિરેન સામે જીત્યા બાદ તે વિશ્વનાથનથી આગળ નીકળી ગયો છે. વર્તમાન ચેસ રેક્િંગમાં વિશ્વનાથન આનંદ ૧૨મા સ્થાને છે. તેમને રેક્િંગમાં એક સ્થાનનું નુકસાન થયું છે. ચેસ રેક્િંગમાં મેગ્નસ કાર્લસન પહેલા સ્થાને છે.


### અયોધ્યા ખાતે શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાને લઈને

# ધારીનાં નાના એવા પરબડી ગામે સોમવારે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો

## ધૂન, કિર્તન, સ્વચ્છતા અભિયાન, સમૂહ પ્રસાદ યોજાશે

ચલાલા, તા. ૧૭

અયોધ્યામાં પાંચ હજાર વર્ષો બાદ ભગવાન શ્રી રામચંદ્ર નવા મંદિરમાં બિરાજમાન થઈ રહ્યા છે. ત્યારે તા. ૨૨ જાન્યુઆરીનાં દિવસે આખો ભારત દેશ રામમય બની રહ્યો છે. ત્યારે ધારી તાલુકાનાં પરબડી નાનાએવા ગામમાં ભકિતમય વાતાવરણ સર્જાયું છે. પરબડી ગામના સરપંચે જણાવેલ છે કે, અયોધ્યામાં ભગવાન શ્રી રામચંદ્રની મૂર્તિ પ્રતિષ્ઠાનેલ લઈને અમારા ગામ આખાને સ્વચ્છ કરી આખા ગામનાં ખૂણે-ખૂણાની સફાઈ કરી સ્વચ્છતા અભિયાન જારી કરેલ છે. તેમજ સમસ્ત ગામ વતી તા. ૨૨ નાં રોજ એક યજ્ઞનું આયોજન કરેલ છે. સાથો સાથ ગામના રામજી મંદિરે ધૂન, કિર્તન અને ભજનનું પણ વિશેષ ધાર્મિક આયોજન કરવામાં આવે છે. તેમ તા. ૨૨ નાં રોજ યજ્ઞની પૂર્ણાહૂતી સાંજના પાંચ વાગ્યે થયા બાદ



આખુ ગામ ધુમાડાબંધ એક પરિવારનો એક પણ વ્યકિત બાકી ના રહે તે પ્રમાણે સ્મસ્ત ગામનો ભવ્ય સમૂહભોજનનું આયોજન કરવામાં આવેલ છે. વિશેષમાં સરપંચનાં જણાવ્યા મુજબ તા. ૨૧ અને તા. ૨૨ નાં રોજ ગામના દરેક પરિવારો ધ્વારા ઘરના દ્વારે લીલા તોરણ બંધાશે, દ્વારે રંગોળી પુરાશે અને ઘરમાં દિવડાઓ પ્રગટાવી દિવાળી જેમ આ ઉત્સવ ઉજવી પ્રભુશ્રી રામચંદ્ર ભગવાનની ભાવવંદના થશે. આ સ્વચ્છતા અભિયાન અને ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા પરબડી ગામના સરપંચ મંગળુભાઈ વાળાના માર્ગદર્શન નીચે ગ્રામ પંચાયતના તમામ સદસ્યો, ગામના દરેક સમાજનાં આગેવાનો સહિત તમામ નાના-મોટા ગામના સમસ્ત લોકો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

### વન વિભાગની સતર્કતાથી અકસ્માત ટળી ગયો

# રાજુલા નજીકથી પસાર થતી ટ્રેન હડફેટે આવી જવાથી ૨ સિંહણ અને ૩ સિંહબાળ બચી ગયા

## સિંહપ્રેમીઓમાં રાહતની લાગણી ફરી વળી

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં ફરી એક વખત વનવિભાગની સતર્કતાના કારણે આજે વ્હેલી સવારે ટ્રેઈન હડફેટે આવતા આવતાં ૨ સિંહણ અને ૩ સિંહબાળ સાથે બચી જતા વન્ય પ્રાણીપ્રેમીઓમાં રાહત જોવા મળી છે. આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ આજે વ્હેલી સવારે રાજુલા નજીકનાં રેલ્વે ટ્રેક પર ૨ સિંહણ અને ૩ સિંહબાળ સાથે રેલ્વે ટ્રેક ક્રોસ કરતા હતા ત્યારે એક ટ્રેન પસાર થવાનો સમય હોય, વનવિભગની સતર્કતાના કારણે અને ટ્રેઈન હડફેટે સિંહોના અકસ્માત થાય તે પહેલા વનતંત્ર સાબદુ થયું હતું. અને આ સિંહ



પરિવારને રેલ્વે ટ્રેકથી દૂર ખસેડાયા હતા. જેનાં કારણે ટ્રેઈન હડફેટે આવતાં આવતાં ૨ સિંહણ અને ૩ સિંહબાળ સાથે બચી જવા પામેલ હતા.

### શહેરમાં લુખ્ખાગીરીનાં દ્રશ્યો સર્જાતા હોય

# બાબરામાં ધુમ સ્ટાઈલમાં બાઈક ચલાવતા રોમિયોને કાયદાનું ભાન કરાવો

## પોલીસ પેટ્રોલિંગ અને ટીઆરબીનો બંદોબસ્ત વધારો

બાબરા, ૧૭

બાબરા શહેરમાં ધૂમ સ્ટાઈલથી મોટર સાયલક ચલાવતા રોમોયોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. જાણે સ્થાનિક પોલીસની કોઈ બીક કે ભય ના હોય તેમ શહેરની સાંકડી બઝારોમાં તેમજ શોપિંગ સેન્ટર વિસ્તારમાં બે ફામ બાઈક ચલાવી અને તીખા હોર્ન મારી સામાન્ય લોકો માટે મુશ્કેલીઓ ઉભી કરી રહ્યા છે.

ત્યારે બાબરા પોલીસ પીઆઈ તેમજ પીએસઆઈ દ્વારા આ રોમિયોને પકડવા એક ટિમ બનાવી તેની શાન ઠેકાણે લાવે તે જરૂરી હોવાનું અને શહેરના લોકોમાંથી માંગ પણ ઉઠવા પામી છે. બાબરામાં નાગરિક બેન્ક ચોક, બુધવારી પુલ, ઉભી તેમજ આડી બઝાર તેમજ પાટીદાર શોપિંગ માર્કેટમાં યુવાનો બે ફામ બાઈક લઈને પસાર થાય છે. ત્યારે અહીં ખરીદી કરવા આવેલ લોકો પસાર થતા અડફેટે ચડે અને કોઈ સામે બોલે તો આ રોમિયો દાદાગિરી કરતા પણ અચકાતા નથી. ત્યારે પોલીસ દ્વારા રાઉન્ડ ધ કલોક પેટ્રોલિંગ કરવામાં આવે તેમજ અહીં બઝારમાં બંદોબસ્ત માટે ટીઆરબી જવાનોને મુકવામાં આવે તો આવા ઈસમોની ગાડીમાં બ્રેક આવે અને કોઈ ગંભીર અકસ્માત થતા અટકે.

### તા. ૩૦ જાન્યુઆરી શહીદ દિન

# શહીદ વીરોની શ્રદ્ધાંજલિ આપવા માટે મૌન પાળવામાં આવશે

અમરેલી તા. ૧૭

રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર અંતર્ગત આવેલી સૂચનાઓને અનુસરી અમરેલી જિલ્લાભરમાં શહીદ વીરોની શ્રધ્ધાંજલિ આપવા માટે મૌન પાળવામાં આવશે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં, શહીદ દિન નિમિત્તે તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ વાગે બે મીનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદ વીરો પ્રત્યેનું ઋણ અદા કરવામાં આવશે.

આ સમયગાળા દરમિયાન શકય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનની ગતિ તે બે મિનિટ પૂરતી બંધ રાખી વીરોને શ્રધ્ધાંજલિ આપવામાં આવશે. જે સ્થળોએ સાયરન કે ઉપર મુજબના સંકેતની વ્યવસ્થા ઉપલબ્ધ હોય ત્યાં સાયરન સંભળાય એટલે સૌ પોત પોતાની જગ્યાએ શાંત ઉભા રહી, શકય હોય તો ભેગા મળી મૌન પાળવા અનુરોધ કરવામાં આવ્યો છે.

શહીદો પ્રત્યેનું ઋણ અદા કરવાના આ અવસરને ગંભીરતાથી લેવામાં આવે અને નાગરિકોમાં શહીદો પ્રત્યે શ્રધ્ધા તેમજ સન્માનની ભાવના જાગૃત થાય તે હેતુ સાથે શહીદ દિન નિમિત્તે શહીદો પ્રત્યે દરેક વર્ગના લોકો સક્રિય થઈ તેમનો સહકાર આપે તે માટે શહીદ દિન તા.૩૦મી જાન્યુઆરીએ જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, બોર્ડ-કોર્પોરેશન વગેરેમાં દેશની સ્વતંત્રતા અંગેના વકતવ્ય કે સંવાદનું આયોજન કરવામાં આવશે.

અનેક સંઘર્ષ પછી રાષ્ટ્રને મળેલી સ્વતંત્રતાનું મહત્વ નાગરિકોને સમજાય તથા નાગરિકોમાં રાષ્ટ્રીય એકતાની ભાવના વિકસે તે હેતુ રહેલો છે. ભારતીય સ્વતંત્ર્યતા સંગ્રામમાં શહીદ વીરોની ભૂમિકા અને રાષ્ટ્રિય એકતા સહિતના વિષયો પર પ્રસારણ ક્ષેત્રે કાર્યરત યુનિટ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, ફિલ્મ કે વૃત્ત ચિત્રોનું આયોજન કરવામાં આવશે.

તે ઉપરાંત રાજયના વિવિધ વાણિજય અને ઉદ્યોગ સંઘો દ્વારા પણ આ દિવસે સૂચનાઓને યોગ્ય રીતે અનુસરી કાર્યક્રમ મનાવવામાં આવશે. રાજય સરકારના તમામ વિભાગોએ તથા વિભાગ હેઠળના ખાતાના વડાઓ, બોર્ડ, કોર્પોરેશન, શૈક્ષણિક સંસ્થાઓ પણ ભારત સરકારની આ અન્વયેની સૂચનાઓ અનુસરવામાં આવે તે માટે જરૂરી કાર્યવાહી કરવા અમરેલી અધિક જિલ્લા મેજસ્ટ્રેટએ એક અખબારી યાદીમાં અનુરોધ કરતા જણાવ્યું છે.

# અમરેલીની ગાયત્રી શકિતપીઠ ખાતે કેન્દ્રીય મંત્રી રૂપાલાનાં હસ્તે સ્વચ્છતા અભિયાન



અમરેલીનાં ગાયત્રી શકિતપીઠ અમરેલી ખાતે રામજન્મભુમી–પ્રાણ પ્રતિષ્ઠા અંતર્ગત કેન્દ્રી મંત્રી પરશોતમભાઈ રૂપાલાનાં હસ્તે મંદીર સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો. જે અંતર્ગત સાંસદ નારણભાઈ કાછડીયા, નાયબ દંડક કૌશીકભાઈ વેકરીયા તથા ઈફકોનાં ચેરમેન દીલીપ સંઘાણી, અશ્વિનભાઈ સાવલીયા, જીલ્લા ભાજપ મહામંત્રી મેહુલ ધોરાજીયા તથા તથા વરીષ્ઠ આગેવાનો દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં મંદિર સ્વચ્છતા કાર્યક્રમ અંતર્ગત ગાયત્રી શકિતપીઠ–અમરેલી ખાતે આયોજન કરેલ. જે અંતર્ગત અમરેલી નગરપાલિકા તથા જીલ્લા ભાજપા વરીષ્ઠ આગેવાનો હાજર રહેલ. આ તકે ગાયત્રી શકિતપીઠ–અમરેલીનાં મે.ટ્રસ્ટી બાબુભાઈ રાજયગુરૂ, હિરેન ચાવડા તથા મનિષભાઈ સંઘાણી, નાનજીભાઈ પાથર, નીમીષાબેન વાઢેર, કમલેશભાઈ મહેતા, હંસરાજભાઈ સાકરીયા વગેરે આયોજનને સફળ બનાવેલ.

## સાવરકુંડલા ખાતે ખ્વાજા ગરીબ નવાજનાં ઉર્ષ શરીફ નિમિત્તે ઝુલુસ નીકળ્યું



**(કેવલ વેલાણી દ્વારા)**
સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા ખાતે ખ્વાજા ગરીબ નવાજના ઉર્ષ શરીફ નિમિતે શહેરના વિવિધ વિસ્તારમાં ઝુલુસ નીકળ્યું.

હિન્દુસ્તાનના શહેનશા અને ગરીબોના બેલી હજરત ખ્વાજા મોય્યુદિન ચીસ્તી સંજરી (ગરીબ નવાજ) ના ઉર્ષ શરીફ નિમિતે પઠાણ ફળીમાંથી એક વિશાળ ઝુલુસ નીકળેલ હતું. જે ઝુલુસ ખરીદ વેંચાણ સંઘ આઝાદ ચોક, મહાજનવાડી નાવલી ચોક જુના બસ સ્ટેન્ડ વિગેરે શહેરનાં વિવિધ મુખ્ય હાર્દસમાં વિસ્તારમાં ગરીબ નવાજના નારા સાથે નીકળેલ હતું. જે ઝુલુસને જોવા ભારે ભીડ જોવા મળેલ હતી. આ ઝુલુસ મુનાભાઈ કુરેશી (બીજલી) અનવરભાઈ કાજી હનીફભાઈ મુસાભાઈ શેખાણી કાજીભાઈ ગેરેજ વાળા વિગેરે જહેમત ઉઠાવી હતી.

**CHANGE OF NAME**

I hereby declare **ARAB SABNAM RAJAKBHAI** My old name has been changed from **ARAB SHABNAMBEN RAJAKBHAI.** to **ARAB SABNAM RAJAKBHAI.** so from now i will be known by this name. **ARAB SABNAM RAJAKBHAI.**

At : Nesadi, Mohalla, GEB Road, jafrabad,Dist. Amreli-365540

**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરૂ છું કે, મારૂ જુનું નામ **આરબ શબનમબેન રજાકભાઈ** માંથી **આરબ સબનમ રજાકભાઈ** કરેલ છે જેથી હવે પછી હું મારા નવા નામે **આરબ સબનમ રજાકભાઈ** તરીકે ઓળખાઈશ.

સરનામુ : નેસડી મહોલ્લા, જી.ઈ.બી. રોડ, જાફરાબાદ, જી. અમરેલી - ૩૬૫૫૪૦

## અવસાન નોધ

**અમરેલી :** જીકુબેન પરષોતમભાઈ સોલંકી (ઉ.૭૫) તે ઉમેશભાઈ, હિંમતભાઈના માતા, પીયુષ, રાહુલ, હર્ષિતના દાદીનું તા.૧૩ ના રોજ અવસાન થયેલ છે.

**અમરેલી :** વરસડા નિવાસી હાલ અમરેલી દડુભાઈ લખુભાઈ ધાધલ (ઉ.વ. ૬૭) તે ડો. દિલીપભાઈ, હરપાલભાઈ, ડો. જયદીપભાઈ (લાલાભાઈ) નાં પિતાનું તા.૧૩ ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૮ ને ગુરૂવારે સાંજના ૪ થી ૬ કલાકે બ્રાહ્મણ સોસાયટી,૩– સ્વામી નારાયણ નગર ૧ અમરેલી ના નિવાસ સ્થાને રાખેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ૨ | મગફળી | ૧૨૧૬ | ૧૩૦૪ |
| ૩ | ચણા | ૯૧૪ | ૧૦૨૬ |
| ૪ | ઘઉં | ૪૫૬ | ૫૮૪ |
| ૫ | તુવેર | ૧૫૪૦ | ૧૬૧૦ |
| ૬ | સોયાબીન | ૮૨૮ | ૮૯૨ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૫ | ૧૨૯૭ |
| ૨ | શિંગ મોટી | ૯૯૫ | ૧૪૦૫ |
| ૩ | શિંગદાણા | ૧૩૩૨ | ૧૫૪૫ |
| ૪ | તલ સફેદ | ૨૨૪૫ | ૩૨૦૦ |
| ૫ | તલ કાળા | ૨૩૦૫ | ૩૨૭૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૬૦૦ | ૪૧૮૭ |
| ૭ | બાજરો | ૪૭૦ | ૪૮૬ |
| ૮ | જુવાર | ૫૭૭ | ૯૩૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૩૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૯૫ |
| ૧૧ | મગ | ૧૪૮૦ | ૧૮૫૭ |
| ૧૨ | અડદ | ૧૭૦૫ | ૧૯૯૨ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૦૭૩ |
| ૧૪ | તુવેર | ૧૧૩૦ | ૧૯૩૨ |
| ૧૫ | કપાસ | ૧૦૨૮ | ૧૪૪૯ |

પાના ૮ ઉપરનું ચાલું
## લીલીયામોટાની ૯ કરોડની યોજના

પાણીના સંપ, ટાંકીઓ, ઓવર હેડ ટાંકીઓ પણ પાણીથી ભરેલી પડી છે. લીલીયા શહેરમાં 'નલ સે જલ' યોજના અંતર્ગત પાઈપ લાઈન બિછાવવાથી લઈ પંપીંગ સ્ટેશન અને સ્ટોરેજ ટેન્ક જેવી કામગીરી છેલ્લા છ માસથી પુર્ણ કરી દેવામા આવી છે. છેલ્લા છ માસથી લોકોને ઘરે ઘરે નળ કનેકશન આપી પાણી પહોંચાડવાનુ કામ બાકી રહ્યું છે અને ૯ કરોડની યોજનામાં રૂપિયા ૯ લાખનો લોકફાળો ગ્રામ પંચાયત ભરી આપે તો 'નલ સે જલ' યોજના સાર્થક સાબિત થાય તેમ છે.

સરકાર દ્વારા ૯ કરોડની યોજના કાગળ પર પણ વાસ્તવિક રીતે સાકાર પામી ગઈ છે ને 'જલ સે નલ' યોજનામાં ઘરે ઘરે ટેસ્ટીંગ પણ થઈ ચૂકયું છે. જેને પણ ૬ માસ જેવો સમયગાળો વીતી ગયો છે પણ લીલીયા ગ્રામ પંચાયત ૯ લાખનો લોકફાળો ભરી શકે તેટલી સક્ષમ નથી તેવું લીલીયાના સરપંચ જીવનભાઈ વોરાએ જણાવ્યું છે.

લીલીયા ગ્રામ પંચાયત લોકફાળા પેટે ૯.૮૨ લાખની રકમ જમા કરાવવાની બાકી છે. ખારાપાટ વિસ્તારની આ ગ્રામ પંચાયતની આર્થિક સ્થિતિ સારી ન હોય, લોકફાળો જમા કરાવાયો નથી અને તેના કારણે તંત્ર પાણી નથી આપતું. અહી જુદી જુદી ઓવરહેડ ટેન્ક અને સંપ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત શહેરની મુખ્ય બજારો અને ગલી નાકાઓમાં કુલ ૩૨ કિ.મી.ની પાઈપ લાઈન બિછાવી દેવાઈ છે. જો કે આ પાઈપ લાઈનમાંથી લોકોને ઘરે ઘરે નળ કનેકશન આપવાની કામગીરી કરવામાં આવી નથી. ગામના સરપંચ જીવનભાઈ વોરાએ જણાવ્યું હતુ કે આ વિસ્તાર ખેતી અને હિરા ઉદ્યોગ પર આધારીત છે.

હીરામા ભયંકર મંદી છે અને ખેતી તથા ધંધા પડી ભાંગ્યા છે. ત્યારે ગામ લોકો પાસેથી લોકફાળાની રકમ એકઠી કરવાનુ કામ મુશ્કેલ છે. ગ્રામ પંચાયતને મળતી ૧૫માં નાણાપંચની ગ્રાંટમાથી લોકફાળા ભરવાની મંજુરી આપવામાં આવે તો તેમાંથી રકમ ભરી લીલીયામાં આ યોજના કાર્યરત થઈ અમલીકરણ થઈ શકે.

૪૭ લાખ લીટરની ૪ ટાંકી–સંપ તથા ૩૨ કિમીની પાઈપ લાઈન શહેરમા બિછાવાઈ પરંતુ લોકફાળાના બહાને તળે છ માસથી ઘરોમાં કનેકશન અપાતા નથી અને લાખો લીટર પાણીના ભરેલા સમ્પો ટાંકીઓ શોભાના ગાંઠિયા સમાન બનીને પડયા છે.

**CHANGE OF NAME**

I hereby declare **Swetaben Vivekbhai Gondaliya.** My old name has been changed from **Shveta Hsamukhbhai Dudhat** to **Swetaben Vivekbhai Gondaliya.** after marriage so from now on i will be known by this name.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૦ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૩૦૦ | ૧૩૨૫ |
| ૩ | ચણા | ૧૦૦૩ | ૧૦૦૩ |
| ૪ | તલ સફેદ | ૨૯૭૫ | ૨૯૭૬ |
| ૫ | તુવેર | ૧૬૫૦ | ૧૮૦૦ |
| ૬ | સોયાબીન | ૮૬૫ | ૮૬૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૫ | ૧૪૨૨ |
| ૨ | મગફળી | ૯૩૫ | ૧૪૦૦ |
| ૩ | ઘઉં | ૪૪૦ | ૫૭૦ |
| ૪ | ચણા | ૯૬૦ | ૯૬૦ |
| ૫ | તુવેર | ૧૫૫૫ | ૧૭૫૦ |
| ૬ | ચોળી | ૯૩૫ | ૯૩૫ |
| ૭ | સોયાબીન | ૭૪૦ | ૮૭૨ |
| ૮ | મેથી | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ૯ | ધાણા | ૧૧૨૦ | ૧૧૨૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૩૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૪૦૧ |
| ૩ | તલ સફેદ | ૨૬૧૫ | ૩૧૪૦ |
| ૪ | તલ કાળા | ૨૫૫૦ | ૨૮૫૦ |
| ૫ | કપાસ | ૧૨૧૦ | ૧૪૫૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૬૦૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૦૮ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૫૦૫ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૧૦૩૦ |
| ૧૦ | ચણા | ૮૦૦ | ૧૦૧૦ |
| ૧૧ | સોયાબીન | ૮૦૦ | ૯૦૦ |
| ૧૨ | તુવેર | ૧૫૫૦ | ૧૯૪૪ |
| ૧૩ | એરંડી | ૯૫૦ | ૧૧૦૦ |
| ૧૪ | ધાણા મુહુર્તના ભાવ | – | ૨૭૯૦ |
| ૧૫ | ધાણા | ૧૩૦૦ | – |

પાના ૮ ઉપરનું ચાલું
## જાફરાબાદ ખાતે નવો પુલ

પુલની બાજુમાં નવો પુલ કાર્યરત હોવાથી હાલ જુના પુલનું રીપેરીંગ કામ અત્યંત જરૂરી છે.નવા બ્રિજ ઉપરથી ઘણી વખત ગંભીર અકસ્માત થયા હતા ને હાલમાં પણ અકસ્માતો થતા હોય પરંતુ (પી.ડબલ્યુ.ડી) ગંભીરતા લેતું નથી જુના બ્રિજને ચાલુ કરવામાં આવેતો થતા અકસ્માતોમાં ઘટાડો થાય તેમ છે. પરંતુ પી.ડબલ્યુ.ડી ના ઉચ્ચ અધિકારીઓ જર્જરીત જુના પુલની મરામત કરવામાં આવતી નથી જો આ પુલ ની તાત્કાલિક મરામત કરવામાં આવેતો તેની આવરદા વધી શકે તેમ છે. પરંતુ આ બાબતને લક્ષ્યમાં નહીં લઈને આ પુલની બન્ને બાજુથી પત્રા મારીને તેમજ જી.સી.પી. થી બાવરો કાપી આડાકરી દેવામાં આવ્યા છે.નાગરિકોની તથા વિધાર્થીઓ તથા મોટરસાયકલ ની અવર જવર બંધ કરી દેવામાં આવી છે. જેથી નાગરિકો ને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.આ પુલ ની બાજુમાં જે નવો બ્રિજ બનાવવામાં આવ્યો છે. તે બ્રિજ ઉપરથી જુનો પુલ બંધ કરવાથી ટ્રાફિકનુ પ્રમાણ જેવા કે હેવી વાહનો આ નવા પુલ ઉપરથી પસાર થવાથી અકસ્માતનો ભય સખ્ખત સતત રહેતો હોય આ બ્રિજ ઉપરથી સામે કાંઠે રહેતા વિધાર્થીઓ, અભ્યાસ કરવા માટે આ નવા બ્રિજ ઉપરથી અવર – જવર કરતા હોય તેમજ સામાન્ય નાગરિકો, સતત અવર જવર રહે છે. જો જુનાબ્રિજને રિપેરિંગ કરવામાં આવેતો આ જુના બ્રિજનુ આયુષ્ય વધી શકે છે. અને આ જુના પુલ નું રીપેરીંગ તથા રિનોવેશન કરી હેવી વાહનો બંધ કરીને માત્રને માત્ર વિધાર્થીઓ માટે તથા સામાન્ય જનતા માટે આ જુના પુલને રીપેરીંગ તથા રીનોવેશન કરી ને ચાલું રાખવામાં આવેતો જનતા ભય મુક્ત તે જુના બ્રિજ ઉપરથીથી અવર જવર કરી શકે તેમજ જનતાને મોટી રાહત મળી શકે તેમ છે. જે નવો પુલ છે તેની બન્ને બાજુ ઉંચો ઢાળ હોવાથી હેવી વાહનો પોતાનું સંતુલન ગુમાવી શકે છે.તેમજ આ નવા પુલ ઉપરથી પસાર થવાથી અકસ્માતનો ભય સખ્ખત રહેતો હોય છે. અને માનવ જીંદગી અકસ્માતમાં હોમાઈ તે પહેલાં આ જુના બ્રિજને જનતા માટે રિનોવેશન કરીને ચાલુ રાખવામાં આવેતો નાગરિકોને મોટી રાહત મળી શકે તેમ છે. અને અકસ્માતનું પ્રમાણ ઘટી શકે તેમ છે.જુના બ્રિજને તાત્કાલિક ધોરણે રીપેરીંગ કરવામાં આવે આ જુના પુલ ઉપરથી વિધાર્થીઓ સામાન્ય જનતાને પણ અવર જવર કરવા માટે અને મોટરસાયકલ માટે ખુબજ અનુકૂળ છે. અને બાજુમાં આવેલ નવો પુલ ઉપરથી મહાકાય વાહનો ચલતા હોય અને સાથે સાથે ફોરવ્હિલર ચાલતા હોય અને આ નવા પુલ ઉપરથી સામાન્ય જનતા તેમજ વિધાર્થીઓ અવર જવર કરતા હોય અકસ્માતનો સતત ભય રહેલો હોય પ્રવતમાન સમયમાં ટ્રાફિકની સમસ્યા વિકરાળ બની હોય ગમે ત્યારે અકસ્માતનો ભય રહેલો છે. તેવી રજૂઆત સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ દ્વારા કરવામાં આવી છે.

## જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર ઉપેન્દ્રભાઈ કે.બોરીસાગર બી.એ.એલ.એલ.બી. એડવોકેટ (ગુજરાત હાઈકોટ) રહે.ખાંભા, તા.ખાંભા, જી.અમરેલી. તે આથી મારા અસીલશ્રી સંજય કનુજી ઠાકોર તથા પુનમબેન મનુભાઈ ઠાકોર, W/o. સંજય કનુજી ઠાકોર, રહે. ૬૧૧, મોટા ઠાકોરવાસ, થલતેજગામ–અમદાવાદવાળાની સ્પષ્ટ સુચના અનુસાર આ જાહેર નોટીસ આપી આથી જાહેર જનતાને જાણ કરવાની કે,

(૧) ગુજરાત રાજયનાં અમરેલી જીલ્લાનાં ખાંભા તાલુકાનાં મોજે ગામ : ધુંધવાણાના સર્વે નં.૧૩૨ (જુનો સર્વે નં. ૩૫ પૈકી ૨) ની હે.આરે.ચો. ૧–૦૫–૨૨ ની જમીન કે જે રમેશભાઈ મથુરભાઈ તરસરીયાના નામે ખાતા નં.૨૩૫ થી નોંધાયેલ છે, જે જમીન મારાં અસીલશ્રી તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે, તો આ મિલકતના વેચાણ બાબતે કે અગાઉ થયેલ હોય તેવા આ મિલકતનાં તમામ પ્રકારનાં વ્યવહારો બાબતે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય કે આ મિલકત ઉપર કોઈપણનો વડીલોપાર્જીત કે અન્ય રીતે હકક, હિત કે હિસ્સો હોય કે, આ મિલ્કત ઉપર કોઈપણ વ્યકિતનું કરજ, બોજો કે લીયન હોય કે, આ મિલ્કત ઉપર કોઈપણ વ્યકિતનો કબ્જો–ભોગવટો હોય કે, આ મિલ્કત ઉપર કોઈ દર, દાવો કે તકરારી કેઈસ ચાલતો હોય કે, આ મિલ્કત સંબંધે કોઈનું કોઈપણ અન્ય રીતે હિત સંકળાયેલ હોય, અથવા તો આ મિલ્કતના વેચાણ બાબતે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી અમોને દિન–૧૦માં રજી.પોસ્ટથી મળી જાય તે રીતે તમામ પ્રકારનાં આધાર–પુરાવા સાથે લેખીતમાં અમારાં નીચેનાં સરનામે જાણ કરવી, જો સદરહું સમય દરમ્યાન કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થા દ્વારા કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર લેવામાં નહીં આવે તો આ મિલ્કતના વેચાણ સંબંધે કોઈને વાંધો કે તકરાર નથી, અને હોય તો તે જતાં કરેલ છે તેમ માની મારા અસીલશ્રી આ મિલકતનો વેચાણ દસ્તાવેજ તેના નામ જોગ કરાવશે અને ત્યાર બાદ આ મિલકત સંબંધે લેવામા આવેલ વાંધો કે તકરાર મારા અસીલશ્રીને કબુલ, મંજુર કે બંધનકર્તા રહેશે નહીં, જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી.

સ્થળ : ખાંભા
તારીખ : ૧૭/૦૧/૨૦૨૪

:: ઓફીસ ::
''ઉપેન્દ્ર કે.બોરીસાગર''–એડવોકેટ
C/o. તક્ષશીલા વિદ્યા સંકુલ
ખાંભા. ૩૬૫૬૫૦

**ઉપેન્દ્ર કે. બોરીસાગર**
**એડવોકેટ – ખાંભા**
**મો. ૯૨૯૦૫૦૫૦૯૦**

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૮૦ |
| ૨ | ચણા | ૧૦૫૦ | ૧૧૧૧ |
| ૩ | મગફળી | ૮૫૧ | ૧૦૪૦ |
| ૪ | તુવેર | ૧૨૫૨ | ૧૨૫૨ |
| ૫ | બાજરો | ૫૦૦ | ૫૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૧૫ | ૫૨૬ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૦૦ |
| ૮ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૯ | સોયાબીન | ૮૦૮ | ૮૫૦ |
| ૧૦ | લસણ | ૨૧૩૫ | ૨૧૩૫ |
| ૧૧ | ધાણા | ૧૧૩૫ | ૧૨૪૦ |
| ૧૨ | એરંડા | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૩ | મગ | ૧૪૦૫ | ૧૪૦૫ |

પાના ૧ ઉપરનું ચાલું
## આખલાઓ વચ્ચે ધમાસાણ થયું

તેવા સમયે જ બે આખલાઓ વચ્ચે ધમાસાણ યુધ્ધ થતાં પસાર થતાં રાહદારીઓ અને વાહન ચાલકોમાં દોડધામ મચી હતી. અને આ પ્રકારની ઘટના અવાર–નવાર સામે આવતી હોય પરંતુ, શાસકો પાસે રખડતા આખલાઓ અને શ્વાનની સમસ્યાા દુર કરવાની ઈચ્છાશકિતનો સ્પષ્ટ અભાવ જોવા મળી રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું
## સાવરકુંડલાનાં ઠવી ગામમાં

પહોંચ્યા હોય શેત્રુંજી કાંઠાના ગામોમાં હવે વનતંત્રને વિશેષ જવાબદારી સોંપાઈ છે ને શેત્રુજી કાંઠાના ગામોમાં ઠવી ગામે વનવિભાગ સરકારી પડતર અને ખરાબાની જમીનને ફળદ્રુપ ને પશુપાલન માટે ઘાસચારો મળી રહે તે રીતે વિકસાવવામાં આવ્યું છે. જેથી પશુ પાલકોને ગુણવત્તા યુકત ઘાસચારો મળે જેથી પશુપાલકો પણ નિશ્ચિત થઈ જાય. માટે ઠવી ગામની ૨૦ એકર જમીનમાં વનતંત્ર દ્વારા ચણીયાર ઘાસ ઉગાવીને આખું અલગ ગૌચર ઉભુ કર્યુ સાથે સાથે ઠવી ગામમાં વન તળાવ બનાવવાનું કાર્ય આજે ધારાસભ્ય મહેશ કસવાળાના વરદહસ્તે ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું. ત્યારે ગામના સરપંચ પુત્ર દ્વારા વનવિભાગ દ્વારા ગામને દતક લઈને ગામ વિકાસનો નવો અધ્યાય આરંભ કરનાર સરકાર અને તંત્રનો આભાર વ્યકત કર્યો હતો.

વન્ય પ્રાણીઓના રક્ષણ સાથે વન્ય સૃષ્ટિનો ઉછેર પણ વનવિભાગ કરે તેવા નવતર અભિગમને રાજયના પ્રથમ ગામ ઠવી ગામને સાર્થક સાબિત કર્યો છે. વનવિભાગ આ ગામોમાં ચેકડેમ, તળાવ, કોઝવે, વાડીના મારગો વિગેરેના કામો કાર્યરત કરી દીધા છે. ત્યારે વનવિભાગ દ્વારા આજુબાજુના ૩૦ ગામોના સરપંચો, સ્થાનિકો ઉપસ્થિત રહીને સિંહોના નવા કન્ઝરવેશનના ગામડાઓ જોડાઈ તે માટે કાર્યક્રમ કર્યો હતો.

૧૯૯૬થી આત્મનિર્ભર બનવા તરફ ઠવી ગામે ૯૬ ચેકડેમો બનાવ્યા છે પણ વનવિભાગ દ્વારા જળ એજ જીવનના સૂત્રને સાર્થક સાબિત કરવા જે રીતે એક તળાવમાંથી ખાલી રહેતા તળાવમાં ગ્રેવીટીના માધ્યમથી તળાવ ભરવાનો વનતંત્રનો આ પ્રયાસ સૌરાષ્ટ્રમાં પ્રથમ પ્રયાસ કરવામાં આવ્યો છે. જયારે વનવિભાગ ગામને દતક લઈને ગામને ગોકુળિયું બનાવવાનો પ્રથમ પ્રયાસ ગુજરાત રાજયમાં ઠવી ગામથી પ્રારંભ થયો હોવાનું આર.એ ફ.ઓ. નિલેશ વેગડ ધ્વારા જણાવવામાં આવ્યું હતું.

## જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર ઉપેન્દ્રભાઈ કે.બોરીસાગર બી.એ.એલ.એલ.બી. એડવોકેટ (ગુજરાત હાઈકોટ) રહે.ખાંભા, તા.ખાંભા, જી. અમરેલી. તે આથી મારાં અસીલશ્રી સંજય કનુજી ઠાકોર તથા પુનમબેન મનુભાઈ ઠાકોર, W/o. સંજય કનુજી ઠાકોર, રહે. ૬૧૧, મોટા ઠાકોરવાસ, થલતેજગામ – અમદાવાદવાળાની સ્પષ્ટ સુચના અનુસાર આ જાહેર નોટીસ આપી આથી જાહેર જનતાને જાણ કરવાની કે,

(૧) ગુજરાત રાજયનાં અમરેલી જીલ્લાનાં ખાંભા તાલુકાનાં મોજે ગામ : ધુંધવાણાના સર્વે નં.૧૩૨ (જુનો સર્વે નં. ૩૫ પૈકી ૨) ની હે.આરે.ચો. ૧–૦૫–૨૨ ની જમીન કે જે રમેશભાઈ મથુરભાઈ તરસરીયાના નામે ખાતા નં.૨૩૫ થી નોંધાયેલ છે, જે જમીન મારાં અસીલશ્રી તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે, તો આ મિલકતના વેચાણ બાબતે કે અગાઉ થયેલ હોય તેવા આ મિલકતનાં તમામ પ્રકારનાં વ્યવહારો બાબતે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય કે આ મિલકત ઉપર કોઈપણનો વડીલોપાર્જીત કે અન્ય રીતે હકક, હિત કે હિસ્સો હોય કે, આ મિલ્કત ઉપર કોઈપણ વ્યકિતનું કરજ, બોજો કે લીયન હોય કે, આ મિલ્કત ઉપર કોઈપણ વ્યકિતનો કબ્જો–ભોગવટો હોય કે, આ મિલ્કત ઉપર કોઈ દર, દાવો કે તકરારી કેઈસ ચાલતો હોય કે, આ મિલ્કત સંબંધે કોઈનું કોઈપણ અન્ય રીતે હિત સંકળાયેલ હોય, અથવા તો આ મિલ્કતના વેચાણ બાબતે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી અમોને દિન–૧૦માં રજી.પોસ્ટથી મળી જાય તે રીતે તમામ પ્રકારનાં આધાર–પુરાવા સાથે લેખીતમાં અમારાં નીચેનાં સરનામે જાણ કરવી, જો સદરહું સમય દરમ્યાન કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થા દ્વારા કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર લેવામાં નહીં આવે તો આ મિલ્કતના વેચાણ સંબંધે કોઈને વાંધો કે તકરાર નથી, અને હોય તો તે જતાં કરેલ છે તેમ માની મારા અસીલશ્રી આ મિલકતનો વેચાણ દસ્તાવેજ તેના નામ જોગ કરાવશે અને ત્યાર બાદ આ મિલકત સંબંધે લેવામા આવેલ વાંધો કે તકરાર મારા અસીલશ્રીને કબુલ, મંજુર કે બંધનકર્તા રહેશે નહીં, જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી.

સ્થળ : ખાંભા
તારીખ : ૧૭/૦૧/૨૦૨૪

:: ઓફીસ ::
''ઉપેન્દ્ર કે.બોરીસાગર''–એડવોકેટ
C/o. તક્ષશીલા વિદ્યા સંકુલ
ખાંભા. ૩૬૫૬૫૦

**ઉપેન્દ્ર કે. બોરીસાગર**
**એડવોકેટ – ખાંભા**
**મો. ૯૨૯૦૫૦૫૦૯૦**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૩૬૦ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૦ | ૩૩૦૧ |
| ૩ | તલ કાળા | ૨૩૦૧ | ૨૩૦૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૬ |
| ૫ | બાજરો | ૪૪૧ | ૫૧૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૨૨ |
| ૭ | જુવાર | ૫૪૦ | ૧૦૬૦ |
| ૮ | મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| ૯ | મગ | ૯૦૧ | ૧૬૫૧ |
| ૧૦ | તલ પીળા | ૩૮૦૦ | ૪૦૮૯ |
| ૧૧ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | તુવેર | ૧૨૧૨ | ૧૮૫૧ |
| ૧૩ | ચણા | ૯૫૧ | ૯૮૯ |
| ૧૪ | જીરૂ | ૬૦૦૦ | ૬૦૦૦ |
| ૧૫ | અજમા | ૨૦૦૧ | ૨૦૦૧ |
| ૧૬ | ચોળી | ૯૪૦ | ૯૪૦ |
| ૧૭ | સોયાબીન | ૬૦૦ | ૮૫૧ |

## કોન્ટ્રાકટ આધારિત નોકરીનાં કારણે યુવાનોનું ભવિષ્ય ધુંધળુ બન્યું

# અન્યાય બંધ કરો : ટેટ/ટાટ પાસ ઉમેદવારોની કાયમી ભરતી કરો

**સમગ્ર દેશની સરકારો યુવાઓને કાયમી નોકરી આપી રહી છે અને ગુજરાત સરકારને ફિકસ પે થી નોકરી આપવી હોય રોષ**

**ગરીબ અને મધ્યમવર્ગીય મા-બાપ પરસેવો પાડીને તેમના બાળકોને અભ્યાસ કરાવે અને તેને સરકાર કાયમી નોકરી આપતી નથી**

**બાળકો પણ દિવસ-રાત મહેનત કરીને સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરે અને બાદમાં નોકરી મેળવવામાં પણ અન્યાય**

**અન્યાયનો ભોગ બનેલ તેજસ્વી યુવાનોએ કલેકટર મારફત રાજયપાલને આવેદનપત્ર પાઠવ્યું**

અમરેલી, તા. ૧૭

હાલમાં જ ગુજરાત સરકરના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળામાં ૨૧૦૦૦ અને માધ્યમિક શાળમાં ૨૪૦૦૦ તથા ઉ.માધ્યમિક વિભાગમાં ૨૬૦૦૦ ફીકસ પગારમાં કરાર આધારીત જ્ઞાનસહાયકોની ભરતી કરવામાં આવી છે.



વર્ષોથી ગુજરાતમાં ચાલતી આવતી આ કરાર પધ્ધતિનો અનેક સંગઠનો અને યુવાઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહયો છે. પરંતુ સરકારને આ વિરોધથી કોઈ ફર્ક ના પડતો હોય તેમ સરકાર આ બાબતે કંઈ જ વિચારણા કરતી ના હોય તેવું લાગી રહયુ છે.

હાલના આ મોંઘવારીના સમયમાં આટલા નજીવા પગારમાં પરિવારનું ભરણ પોષણ કરવું ખુબ જ મુશ્કેલ છે અને આટલા પગારમાં પોતાના બાળકોનો અભ્યાસ, દવાખાનાના ખર્ચા, વાહન વ્યવહારના ખર્ચા સહિતના અનેક ખર્ચાઓ આટલા પગારમાંથી થઈ શકે તેમ નથી. ત્યારે સરકારે આ કરાર આધારીત ભરતી કરી આજની યુવા પેઢીનું શોષણ કરતી હોય તેવુ લાગી રહયુ છે.

સરકાર દ્વારા કરાર આધારીત ભરતી કરી વર્ષો સુધી મહેનત કરી, ટેટ/ટાટમાં સારા ગુણ મેળવી સરકારી નોકરી મેળવવાનું સપનુ જોનારા યુવાનો સાથે જાણે મજાક કરી રહી હોય તેવું લાગી રહયુ છે. ઘણા યુવાનો સારા ગુણ મેળવી પાસ થયા છે પરંતુ જો સરકાર ટુંક સમયમાં કાયમી શિક્ષકોની ભરતી નહી કરે તો અનેક યુવાનોની ઉંમર મર્યાદા પૂર્ણ થવાની તૈયારીમાં તેવા યુવાનોનું સરકારી નોકરીનું સપનું હંમેશને માટે સપનું જ બની જશે. માતા-પિતા મહેનત મજુરી કરી પોતાના બાળકોને ભણાવે છે અને સરકારી નોકરી મળે તે માટે અનેક ખર્ચાઓ કરે છે પરંતુ સરકારની આવી નીતીઓના કારણે અનેક યુવાનોનું ભવિષ્ય ધુંધળુ બને છે.

ગુજરાતની અનેક શાળાઓમાં મહેકમ મુજબ શિક્ષકો નથી, અનેક જગ્યાઓ ખાલી છે. જો સરકાર કાયમી શિક્ષકોની ભરતી કરે તો શાળામાં ખાલી પડેલ જગ્યાઓ ભરી શકાય અને વર્ષોથી સરકારી નોકરીની તૈયારી કરતા યુવાનોને સરકારી નોકરી મળી શકે. ઘણા વર્ષો બાદ ટેટ/ટાટની પરીક્ષા લેવાણી હોવાથી અનેક યુવાઓના ભવિષ્ય પર પૂર્ણવીરામ લાગી ગયા છે. જયારે હજુ પણ જો સરકાર કાયમી ભરતી નહી કરે તો અનેક યુવાનોની મહેનત પર પાણી ફરી વળશે.

પોતાના ભવિષ્ય માટે ચીંતીત, વર્ષો થી સરકારી નોકરી માટે મહેનત કરતા ભાઈઓ-બહેનો દ્વારા અમરેલી કલેકટર મારફત ગુજરાત રાજયના રાજયપાલને આવેદન પાઠવી વહેલી તકે વિષય શિક્ષકો તથા કોમ્પ્યુટર, ચીત્ર, વ્યાયામ એમ તમામ ખાલી જગ્યાઓ માટે ઉ.માધ્યમિક, માધ્યમિક તથા પ્રાથમિક એમ ક્રમશઃ દરેક વિભાગમાં કાયમી શિક્ષકોની ભરતી કરવા આવેદન પાઠવવામાં આવ્યુ હતું.

---

### રાજુલા અને ખાંભા ખાતે મામલતદાર સમક્ષ માંગ

## અયોધ્યા ખાતે શ્રીરામ મંદિર પ્રાણ-પ્રતિષ્ઠા યોજાઈ રહ્યું હોય માંસ અને મટનનું વેચાણ બંધ કરાવો

**આહીર એકતા મંચના નેતૃત્વમાં માંગ કરવામાં આવી**

અમરેલી, તા. ૧૭

ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકારની જન્મભૂમિ અયોધ્યા નગરીમાં ભગવાન રામલાલાના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા હિન્દુ શાસ્ત્રોકત વિધિ મુજબ તા. ૨૨/૧/૨૪નાં રોજ થઈ રહી છે. અનેક વર્ષો ઉપરાંત ભગવાન શ્રીરામના મંદિરનું તેમના જન્મ સ્થળે નિર્માણ થઈ રહેલું હોય દરેક હિન્દુ માટે રામ જન્મ દિવસ અને રામ વનવાસમાંથી અયોધ્યા આવ્યા ત્યારે જે હર્ષ, ઉલ્લાસ, આનંદ છવાયો હતો તેવો જ હર્ષ, ઉલ્લાસ, આનંદ દરેક હિન્દુ માટે ભગવાનના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના દિવસનો છે અને તેની આતુરતાનો અંત તા. ૨૨/૧/૨૪નાં રોજ પૂર્ણ થતો હોય. આ આનંદ મંગલનાં દિવસે ગુજરાત રાજયમાં કોઈ હિંસા ન થાય તે એકમાત્ર હેતુસર અને રામરાજયના સંકલ્પના હેતુસર તેને સાર્થક કરવા માસ-મટનના વેચાણ પર તા. ૨૧-૨૨/૧/૨૪નાં દિવસે પ્રતિબંધ મુકવા રાજુલા અને ખાંભાના મામલતદારને આહીર એકતા મંચનાં નેતૃત્વમાં આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે.



---

### નવા ઉજળા ગામે રામજી મંદિર ખાતે સફાઈ અભિયાન યોજાયું



વડિયા, તા. ૧૭

વડીયા તાલુકાના નવા ઉજળા ગામે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને ભાજપ ટીમ ગ્રામજનો સાથે રામજી મંદિરે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ તકે સમસ્ત ગ્રામજનો તેમજ ભાજપ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં નવા ઉજળા ખાતે આવેલ રામજી મંદિરે સફાઈ અભિયાન હાથ ધરી આગામી ૨૨ તારીખ ના રોજ અયોધ્યા ખાતે ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો કાર્યક્રમ હોવાથી આ મંદિરને આજે સાફ-સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ તકે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ પોતે પોતુ લઈ મંદિરનાં પટાંગણમાં પોતું માર્યુ હતું. જેમાં જિલ્લા પંચાયતના સદસ્ય જલ્પેશભાઈ મોવલીયા, પ્રવીણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા, તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, બાવાલાલ મોવલીયા, પી વી વસાણી, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તાલુકા ભાજપ કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, રમેશભાઈ સાકરીયા, ગામના સરપંચ જીગર સેજપાલ, પ્રતિક હરખાણી તથા ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

---

### લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા

## ભુરખીયા ખાતે ૭૦મો વિનામુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

**મુંબઇના દાતા પરિવારનું આર્થિક સહયોગથી કાર્ય સંપન્ન**

અમરેલી, તા. ૧૭

લાયન્સ કલબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), શ્રી ભૂરખિયા હનુમાનજી ટ્રસ્ટ તથા શ્રી ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર - મુંબઈના આર્થિક સહયોગ દ્વારા અને સુદર્શન નેત્રાલયના સહયોગથી ૭૦મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર મુકામે તા. ૧૭-૦૧-૨૦૨૪ ને બુધવારે આયોજન કરવામાં આવેલ હતું. નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દીપપ્રાગટ્ય શ્રી હનુમાનજી મંદિર ટ્રસ્ટના વ્યવસ્થાપક દેવજીભાઈ સિંધવ દ્વારા કરવામાં આવેલ હતું અને તેઓએ કેમ્પને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કેમ્પમાં આંખના તમામ રોગોની તપાસ નિષ્ણાંત ડોકટર ડો. દર્શિતભાઈ ગોસાઈ દ્વારા કરવામાં આવેલ હતી તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતા તેમજ નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની પત્રિકાનું પણ આજુબાજુના ગામડામાં વિતરણ કરવામાં આવેલ હતું.



આ કેમ્પમાં ૧૪૨ દર્દીઓએ લાભ લીધો હતો અને ૩૦ દર્દીઓને અમરેલી સુદર્શન નેત્રાલયમાં લાવી નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. જરૂરિયાતમંદ વ્યકિતઓના આંખના નંબર ચેક કરી ૦૮ વ્યકિતઓને ચશ્મા વિતરણ પણ કરવામાં આવેલ હતું.

આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ લાયન કિશોરભાઈ શિરોયા, લાયન બિમલભાઈ રામદેવપુત્રા, લાયન જયેશભાઈ પંડયા તેમજ સુદર્શન નેત્રાલય તરફથી ડો. દર્શિતભાઈ ગોસાઈ, કિર્તીભાઈ ભટ્ટ અને નિલેશભાઈ ભીલ, હિંમતભાઈ કાછડીયા અને તેમની ટીમ તેમજ ભુરખીયા હનુમાનજી મંદિરના પ્રમુખ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ, સંચાલક ગોપાલભાઈ ચુડાસમા વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના સેક્રેટરી લાયન રૂજુલભાઈ ગોંડલીયાની યાદી જણાવે છે

---

### ગાધકડા ગામના ખેડૂતથી શરૂઆત

## સાવરકુંડલા માર્કેટયાર્ડમાં નવા ધાણાની આવક શરૂ

**મુર્હુતના સોદાના રૂપિયા ૨૭૯૦ પ્રતિ મણનો ભાવ બોલાયો**

અમરેલી, તા. ૧૭

સાવરકુંડલા માર્કેટયાર્ડમાં સીઝનના નવા ધાણાની આવક થવા પામી છે. ત્યારે સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામના ખેડૂત ગોરધનભાઈ ધનજીભાઈ ફીણવીયાએ રામકૃષ્ણ ટ્રેડિંગના કમિશનમાં પોતાના ધાણા વેચવા માટે આવેલ હોય, આ સિઝનના પ્રથમ વખત નવા ધાણાની આવક થતાં નવા ધાણાની શ્રીગણેશ થયેલ છે. જેથી સાવરકુંડલા માર્કેટ યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી દ્વારા વર્ચ્યુઅલથી વિધિસર પૂજન કરી શ્રીફળ વધેરી અને મો મીઠું કરાવીને નવા ધાણાની હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી હતી.



જયારે ખરીદનાર વેપારીઓ તેમજ યાર્ડના સેક્રેટરી જતીન માલાણી, આસિસ્ટન્ટ સેક્રેટરી મુકેશભાઈ ત્રિવેદી, ઈન્સ્પેકટર વનરાજભાઈ ખુમાણ તેમજ સ્ટાફગણ અને ડિરેકટરોની ઉપસ્થિતિમાં ધાણા ખરીદનાર વેપારીઓમાં મુહૂર્તના ધાણા ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા પ્રથમ વખત વિમલ પ્રોવિઝન દ્વારા રૂપિયા ૨૭૯૦ ની ઊંચી બોલી બોલીને મુહૂર્તના ધાણા ખરીદ કરેલ હતા. જેથી મુહૂર્તના સારા ભાવ મળતા ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો. તેમ આસિસ્ટન્ટ સેક્રેટરી મુકેશભાઈ ત્રિવેદીની યાદી જણાવેલ છે.

---

### ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ સંચાલિત સેવા સંઘનાં નેતૃત્વમાં

## અમરેલી ખાતે સોમવારે શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને અનેક કાર્યક્રમ યોજાશે

**શ્યામ યુવક મંડળ પણ સહયોગમાં જોડાશે**



અમરેલી, તા. ૧૭

અમરેલી શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ સંચાલિત સેવા સંઘ અને શ્યામયુવક મંડળ દ્વારા આગામી તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪નાં રોજ અયોધ્યા મુકામે શ્રી રામચંદ્ર ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠા થાય છે, ત્યારે ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ સમસ્ત તથા સમાજ દ્વારા સંચાલિત તમામ મંડળો દ્વારા શ્રી શ્યામધામ મંદિર, લીલીયા રોડ, શ્યામવાડી ખાતે સવારે ૧૧ થી બપોરે ૧ વાગ્યા સુધી એક ભવ્ય રામધુન અને પ્રસાદનું આયોજન કરેલ છે, તો આ ધાર્મિક અને આનંદનાં પ્રસંગે સર્વો સમાજનાં ભાઈઓ અને બહેનો ખાસ ઉપસ્થિત રહી આરાધ્ય દેવ ભગવાન શ્રી રામલલ્લાનાં પ્રતિષ્ઠા મહોત્સવને બધા સાથે મળીને ઉજવવા સર્વે જ્ઞાતિજનોને આ કાર્યક્રમમાં આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સમાજનાં દરેક ભાઈઓ બહેનો સાંજના સમયે પોતાના ઘરે મહાઆરતી અને દીપ પ્રગટાવી, આતિશબાજી સાથે ધાર્મિક વાતાવરણ ઉભું થાય તેવા કાર્યક્રમો કરવા જણાવવામાં આવેલ છે.

---

## અમરેલી ખાતે રવિવારે લોકસાહિત્ય સેતુ દ્વારા શ્રીરામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી

અમરેલી, તા. ૧૭

અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ પર નિર્મિત શ્રી રામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે/ લોકસાહિત્ય સેતુ દબદબાભેર ઉજવણી કરશે. પ.પૂ.વિદ્વાન ભાગવતાચાર્ય શ્રી દેવેન્દ્રદાદાના વ્યાસાસને ગુરૂદેવ પૂજય રણછોડદાસ બાપુના માનસ પુત્રી ડો. આશાબેન ગણાત્રાના સુંદરકાંડ ગૃપ દ્વારા પ્રભુ રામનું



પૂજન, સુંદરકાંડ પાઠનું ગાન, અક્ષતકળશ પૂજન, (વિશ્વ હિંદુ પરિષદ જિલ્લા પ્રમુખ ઈતેશભાઈ મહેતા અને ગૃપ દ્વારા) શ્રી પ્રભુ રામચંદ્રજીના વધામણા કરાશે.

તા. ૨૧/૧/૨૪, રવિવાર. સ્થળ : બાલભવન સમય બપોરના બરાબર ૩:૩૦ કલાકે, સર્વ ધર્મપ્રેમી ભાઈઓ, બહેનોએ સમયસર ઉપસ્થિત રહી મોજ માણવા અનુરોધ કરવામાં આવેલ છે.

---

### જિલ્લા શિક્ષણાધિકારી અને તાલીમ ભવનનાં માર્ગદર્શન તળે

## જીરાની ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ગ્રાન્ટેડ શાળાનાં આચાર્યો માટે રિફ્રેશર કોર્ષ યોજાયો

**સફારી પાર્ક ખાતે પ્રકૃતિ શિબિર પણ યોજાઈ**

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૧૭

અમરેલી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તારીખ ૧૬ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ જીરા મુકામે ઈન્ટરનેશનલ સ્કૂલમાં અમરેલી જિલ્લાની ગ્રાન્ટેડ હાઈસ્કુલના આચાર્યો માટે NEP ૨૦૨૦ આધારિત એક રિફ્રેશર કોર્સનું આયોજન કરવામાં આવેલું.

જેમાં NEP ૨૦૨૦ વિશે માર્ગદર્શન આપવામાં આવેલું. ઉપરાંત વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવા ઈનોવેશન્સ તેમજ એસએસસી અને એચએસસીની પરીક્ષામાં વિદ્યાર્થીઓ કઈ રીતે સારા માર્કસ લાવે એ અંગે વિવિધ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ.

નવનિયુકત ડીઈઓ ગોહિલ દ્વારા દિપ પ્રાગટય અને પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવેલ.




આ આયોજનના ભાગ સ્વરૂપે આંબરડી સફારી પાર્ક ખાતે એક પ્રકૃતિ શિબિરનું પણ સરસ આયોજન કરવામાં આવેલ. અમરેલી આચાર્ય સંઘના પ્રમુખ ગોંડલિયા, મુકુંદભાઈ મહેતા વગેરે અધિકારીઓ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના વિવિધ તજજ્ઞોની પ્રેરક ઉપસ્થિતિ અને માર્ગદર્શનથી કાર્યક્રમ નું સમાપન થયું.

## સરકારની ''નલ સે જલ'' યોજના આગળ વધતી ન હોય નારાજગી


# લ્યો બોલો : લીલીયામોટાની ૯ કરોડની યોજના ૯ લાખનાં કારણે અટકી

ગામ પંચાયત પાસે લોકફાળો ભરવા માટે રૂપિયા ૯ લાખનું ભંડોળ ન હોવાનું સરપંચ જણાવી રહ્યા છે

જુદી-જુદી જગ્યાએ ઓવરહેડ ટેન્ક અને સમ્પ બની ગયા અને ૩૨ કિ.મી.ની પાઈપલાઈન પણ લાગી

પાઈપલાઈનમાં પાણીનું કનેકશન મળતુ ન હોવાથી ઘરે-ઘરે પીવાનું પાણી પહોંચતું નથી

ગામનાં જાગૃત નાગરિકો અને ભામાશાઓએ લોકફાળાની રકમ એકત્ર કરવામાં સહયોગ કરવો જરૂરી


અમરેલી, તા. ૧૭

વ્યકિત દીઠ પીવાનું ૧૦૦ લીટર પાણી મળી રહે તેવી યોજનાઓ સરકાર દ્વારા સાકાર કરવામાં આવી છે. પણ કરોડો રૂપિયાની યોજનાઓ તૈયાર થઈ ગયા બાદ નજીવા લોકફાળા વાંકે યોજના અટકીને ઊભી રહેતી હોય તેમ લીલીયામાં ૯ કરોડની યોજના રૂપિયા ૯ લાખનો લોકફાળો સ્થાનિક ગ્રામ પંચાયતે ના ભરતા યોજના ધૂળધાણી થઈ રહી છે. ત્યારે શું છે આ ૯ કરોડની પાણી પુરવઠાની યોજના કેમ રૂપિયા ૯ લાખના વાંકે અટકી છે ?

વિગત એવા પ્રકારની છે કે, લીલીયા ગામે સરકારે લોકોના ઘરે ઘરે શુધ્ધ પીવાનુ પાણી પહોંચાડવા 'નલ સે જલ' યોજના અમલમાં મુકી છે. લીલીયામાં ૯ કરોડનો ખર્ચ કરી સમગ્ર લીલીયા શહેરમાં પાઈપ લાઈન બિછાવી દેવાઈ છે. સંપ અને ટેન્ક પણ છેલ્લા ૬ માસથી તૈયાર છે પરંતુ સ્થાનિક ગ્રામ પંચાયતે માત્ર રૂપિયા ૯ લાખનો લોકફાળો ભર્યો ન હોય તેથી નિભંર તંત્ર લોકોને પીવાનુ પાણી પહોંચાડી રહ્યું નથી. ૫૦ લાખ સ્ટોરેજ

(અનુસંધાન પાના ૬ ઉપર)

### માનસિક બીમારીથી પરેશાન હોવાથી

## ધારીનાં ઈંગોરાળા(ડુંગરી) ગામે રહેતાં સંજયભાઈ ચૌહાણે કૂવામાં પડી અંતિમવાટ પકડી

### માથાનાં ભાગે ગંભીર ઈજા થવાથી મોત

અમરેલી, તા. ૧૭

ધારી તાલુકાના ઈંગોરાળા (ડુંગરી) ગામે રહેતા અને મુળ નીપ, ખરક વિસ્તાર (તા.મહુવા) સંજયભાઈ હિમંતભાઈ ચૌહાણ તામસી મગજના, જીદી, ઝડ બુધ્ધિના અને હઠીલા સ્વભાવના હોય જે છેલ્લા ત્રણેક મહીનાથી માનસિક બિમાર હોય, જેની સારવાર અને દવા પણ ચાલુ હોય જે બિમારીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ગત તા.૧૫ ના રોજ આશરે સાંજના આઠ – સાડા આઠેક વાગ્યાના અરસામા ઈંગોરાળા (ડુંગરી) ગામે અનકભાઈ રાણીંગભાઈ પટગીર ધારી વાળાની વાડીએ આવેલ કુવામાં પડી જઈ માથાના ભાગે તથા પાણીમા ડુબી જઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સાગરખેડૂ ચેરિટેબલ ટ્રસ્ટની માંગ સંતોષવી જરૂરી બની

## જાફરાબાદ ખાતે નવો પુલ બનતાં જુના પુલની મરામત કરીને કાર્યરત કરવા રજુઆત થઈ

### કયાં કારણોસર જુના પુલની મરામત થતી નથી તેનો જવાબ તો આપો

જાફરાબાદ, તા. ૧૭

જાફરાબાદ ખાતે આવેલ દરીયાઈ ખાડી ઉપરનો બ્રિજ (પુલ) જે અંદાજીત ૬૦, વર્ષે પહેલા બનાવવામા આવેલ આ પુલ રાજુલા જાફરાબાદને જોડતો પુલ છે. જે પુલ ભયગ્રસ્ત હાલમાં હોય તેમજ આ ક્રિક બ્રિજને રિપેરિંગની અને રિનોવેશનની તાતી જરૂરિયાત હોય તે માટેની રજૂઆત જાહેર બાંધકામ ખાતું (પીડબલ્યુડી) તથા ઉચ્ચકક્ષાએ અગાઉ




તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

પણ રજૂઆત પણ કરેલ હોય પરંતુ જાહેર બાંધકામ અધિકારીઓ જુના પૂલની કરેલ રજુઆતનો કોઈ પણ જવાબ દેવામાં નથી આવ્યો ફરિ આ જુના બ્રિજ માટે સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. જુના

(અનુસંધાન પાના ૬ ઉપર)

### માતા સાથે બોલાચાલી થતાં

## લાઠીનાં હાવતડ ગામના યુવક રાયમલભાઈએ ઝેરી દવા પી લીધી

### કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતા મોત

અમરેલી, તા. ૧૭

લાઠી તાલુકાના હાવતડ ગામે રહેતા રાયમલભાઈ ભમરીયાસિંહ વસુનિયાન નામના ૩૦ વર્ષિય યુવક વાડીએ હતા ત્યારે તેમના છોકરાઓ દુર સુધી રમવા ગયેલ જેથી તેઓ છોકરાઓને ખીજાયલ હોય, જે બાબતે રાયમલભાઈના 'બા'એ ખીજાવાની ના પાડતા રાયમલભાઈએ તેની બા સાથે બોલાચાલી થયેલ હોય અને ખીજાતા હોય જે બાબતનું પોતાના મનમા લાગી આવતા પોતે પોતાની મરજીથી કપાસમાં છાંટવાની દવા પી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થયેલ છે.


કાર્ડિયાક વિભાગ
AIMS-એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
જનરલ મેડિસિન વિભાગ
- 24X7 ફુલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
- હૃદયનો 2D/3D ઈકો વીથ કલર ડોપલરની સુવિધા
- ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
- ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
- HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
- હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ/સ્ટેન્ટ મુકવું)
- પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
- હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM, DNB (Cardiology) Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી... એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
- ડાયાબિટીસ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
- દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
- (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચક્કર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
- મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
- કોલેરા, ઝાડા, ઉલટી, પેટનો દુખાવો, એપેન્ડીક્ષ, પેનક્રીએટાઈટીસ-સ્વાદુપિંડનો સોજો, ઉલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
- પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર
ડૉ. કેયુર આર. કોટડીયા
MBBS, DNB MEDICINE, FID, CCEBDM, FELLOW IN CRITICAL CARE
હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાંત
એઈમ્સ હોસ્પિટલ
બસ સ્ટેશનની સામે, અમરેલી.
(02792) 222060 - 7610810827






નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનુ) આયોજીત વિનામૂલ્યે (ફ્રી) નિદાન કેમ્પ તા. ૧૨-૦૧-૨૦૨૪ થી તા. ૨૦-૦૧-૨૦૨૪

કાયચિકિત્સા વિભાગ: ડૉ. કૈલાસ ડાભી (M.D.AYU.), ડૉ. થુલ્યા મોહનદાસ (M.D.AYU.)
કોરોના મુક્ત થયા બાદ જણાતા લક્ષણોની સારવાર (Post Covid care) ડાયાબીટીસ, થાઈરોડ, લીવરની તકલીફ, કીડનીના રોગોની સારવાર સોરીયાસીસ, (IBS), ખીલ, સફેદ દાગ (કોઢ), જુદા જુદા મસા, વારંવાર થતા ગુમડાની સારવાર, ફોડો, એલર્જી જેવા રોગોની સર્વ શ્રેષ્ઠ સારવાર

સ્ત્રીરોગ વિભાગ: ડૉ. ગાંધાલી (M.S.AYU.), ડૉ. શિલા પંત (M.S.AYU.)
સ્ત્રીઓના પ્રસૂતિ તથા નિઃસંતાનપણુ, જાતીય નબળાઈ, સ્ત્રીઓની માસિક-સંબંધી તકલીફો તેમજ શરીર ધોવાવું, ગર્ભ સંસ્કાર તથા ગુપ્ત રોગોની સર્વશ્રેષ્ઠ સારવાર

બાળરોગ વિભાગ: ડૉ. ધન્યા રાજ (M.S.AYU.)
બાળકોના વજનના વધતુ હોય તથા બાળકોના શરીરનો વિકાસ ન થતો હોય તેની પંચકર્મ સારવાર, બાળકોને પેટના રોગ પ્રતિકારક શક્તિ અને બુધ્ધીશક્તિ વધારવા માટે તેમજ બાળકોના માનસિક રોગો, પથારી પલાળવી, ઓછી યાદ શક્તિ તથા બાળકના વૃધ્ધિ-વિકાસ માટે સુવર્ણપ્રાશન

શાલક્ય વિભાગ: ડૉ. ભૂમિ મહેતા (M.S.AYU.), ડૉ. પૌસ પૌલોસ (M.S.AYU.)
આંખ, નાક, કાન, ગળુ, આંખના નંબર ઘટાડવા માટે અક્ષિતર્પણ જેવી પ્રાચીન પધ્ધતિથી સારવાર ઉપરાંત નસ્ય કર્ણપુરણ, કવલ, ગંડુષ જેવા ક્રિયાકલ્પો દ્વારા અન્ય રોગોની સારવાર, મોં અને શીરો રોગની સારવાર તેમજ ખાસ કરીને સૌંદર્યલક્ષી રોગો જેવા કે ખીલ, વાળ ખરવા, ફોડો, ડાઘ, ઉંદરી તથા નાની ઉંમરે થતાં સફેદ વાળની સારવાર

શલ્ય વિભાગ: ડૉ. ફારૂક અહમદ (M.S.AYU.), ડૉ. કાજલ બગડા (M.S.AYU.)
કપાસીનો સચોટ, હરસ-મસા-ભગંદર કે ફિસરની આયુર્વેદ ક્ષારસૂત્રથી ઓપરેશન તથા સારવાર રાહતદરે
મૂત્રાશયની પથરી, અલ્પમૂત્રતા ઉભવા, પ્રોસ્ટેટની તકલીફ તથા અન્ય શસ્ત્રક્રિયા સાધ્ય રોગો જેવા કે કપાસી, રસોળી, નાડીવ્રણ, ચરબીની ગાંઠ વગેરેની સર્જીકલ સારવાર, લાંબા સમયથી ન રૂજાતા ઘા ની જળો દ્વારા સારવાર

આયુર્વેદિક પંચકર્મ વિભાગ: ડૉ. હિરલ ગોહેલ (M.D.AYU.), ડૉ. જયંત મારપાલિકર (M.D.AYU.)
ગાદીનો ઘસારો, પક્ષઘાત, માથુ દુઃખવું, ગાઉટ (ગઠીયો વા), ઉંઘ ન આવવી, માનસિક તણાવ, ઓબેસીટી, વાળ ખરવા, ખીલ વગેરે રોગોની પંચકર્મની સારવાર

પેરાલીસીસ, સાંધાના દુઃખાવા, જુના સ્નાયુના દુઃખાવાના દર્દીઓ વગેરે માટે પંચકર્મ સારવાર
- પંચકર્મ સારવાર - વિરેચન - બસ્તિ નસ્ય - શિરોધારા - શિરોબસ્તિ - પિંડ સ્વેદન - અભ્યંગ સ્વેદન - સાંધાના દુઃખાવા - સાઈટીકા - સ્નાયુના દુઃખાવા - અગ્નિકર્મ દ્વારા સારવાર....
સમય : સવારના ૯:૦૦ થી ૧:૦૦ તથા સાંજે ૫:૦૦ થી ૮:૦૦ કલાક સુધી...
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯ - ૨૨૪૫૨૫
દવા તદ્દન ફ્રી આપવામાં આવશે


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)